'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
મૈત્ર્યાદિ ૪ ભાવના, પરોપકાર અને કૃતજ્ઞતાભાવની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર મૈત્રી અને પરોપકાર

|| ૫ ||

મૈત્રી • પ્રમોદ • કરૂણા • માધ્યસ્થ



પરોપકાર • કૃતજ્ઞતા


પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજસેનવિજય ※ આચાર્ય હેમપ્રભસૂરિ

પરોપકાર - એક સાધના

પરોપકાર એ સજ્જનનો સ્વભાવ છે, પ્રકૃતિ છે. પરોપકાર કરવો, પ્રિય હિતકારી વચન બોલવા અને સાચો સ્નેહ રાખવો, એ સજ્જનના મુખ્ય લક્ષણો છે.

ચંદ્રને ઉજ્જવલ કોણે કર્યો ?

સૂરજ કોના કહેવાથી અંધકાર દૂર કરે છે ?

ઝાડને કોણે વિનંતિ કરી કે છાયા આપો ?

મેઘ પાસે કોણે માંગણી કરી કે જળ વરસાવો ?

કોઈની પણ પ્રાર્થના વિના પરોપકારનું કાર્ય કરવા એ સદા તત્પર છે. તેમનો સ્વભાવ જ પરોપકાર છે.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
મૈત્ર્યાદિ ૪ ભાવના, પરોપકાર અને કૃતજ્ઞતાભાવની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર મૈત્રી અને પરોપકાર

॥ ૫ ॥

મૈત્રી • પ્રમોદ • કરુણા • માધ્યસ્થ
પરોપકાર • કૃતજ્ઞતા


**પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ※ આચાર્ય હેમપ્રભસૂરિ

**PARAM BHADRANKAR MAITRI ANE PAROPKAR**

Personal Diaries comprising of Divine thoughts regarding Maitri, Promod, Karuna, Madhystha, Paropkar and Krutgnta Bhav by Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

**VOLUME - 5 / 9**

Year 2023 • સંવત્ ૨૦૭૯ • 1000 Copies / 120 Pages • For Private Circulation only.

---

**PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust

Mumbai / Vadodara / Rajkot

team@mindfiesta.com

---

**SPONSOR**

Shri C. K. Mehta
Vadodra | Mumbai


---

**ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

**eBOOKS AVAILABLE AT**

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra





પરમકૃપાળુ પરમાત્માનાં ૧૦ ગુણોમાં પ્રથમ ગુણ આવે છે: પ્રભુ મૂળથી જ પરોપકારના વ્યસની હતાં. પરોપકાર ગુણ તો ધર્મના પ્રવેશદ્વાર સમાન છે. બીજાનો વિચાર એ જ પરોપકાર. પોતાનો વિચાર તો સહુ કોઈ કરે પણ જ્યારે બીજાનો વિચાર આવે, ત્યારે જ ધર્મનો પ્રારંભ થાય છે. આવા પરોપકારભાવથી ભાવિત પરમપૂજ્ય અધ્યાત્મયોગી પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીના 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' દ્વારા જે ચિંતનો પ્રગટ થયાં, તેમાંથી ચૂંટેલ આ એક જ ચિંતન સૌને પરોપકારભાવથી ભાવિત બનાવશે:

'પરોપકાર એટલે परत्थकरणं કે પરાર્થવૃત્તિ. સ્વાર્થવૃત્તિ ભયંકર છે, પરાર્થવૃત્તિ ભદ્રંકર છે. હિંસાદિ પાપસ્થાનની ઉત્પત્તિનું મૂળ સ્વાર્થની અધિક્તા અને પરમાર્થની સંકુચિતતા છે. 'જયવીયરાય'માં 'परत्थकरणं'ની પ્રાર્થના છે. પ્રણિધાનાદિ આશયોમાં પ્રથમ પ્રણિધાનમાં જ પરાર્થવૃત્તિની જરૂરત જણાવી છે. માર્ગાનુસારિતામાં ય પરોપકાર, મૈત્રી વગેરે ગુણોને મહત્વનું સ્થાન છે. પંચસૂત્રના પ્રથમ સૂત્રના અંતમાં ભવ્યત્વ પકવવાનાં ત્રણ સાધનોમાં પણ 'સર્વ જીવો સુખી થાઓ, સુખી થાઓ, સુખી થાઓ' ભાવના ભાવી છે. અરે... ૪ ધર્મોમાં ય દાનધર્મને જ પહેલો ધર્મ કહીને પરોપકારવૃત્તિની મહાનતા જણાવી છે.'

આવા જ પરોપકારગુણમય ગુરૂભક્તાત્મા સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા**ના પરમ ઔદાર્ય અને રાજકોટના અમારા ગુરૂભક્તિમગ્ન સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ના પુરૂષાર્થથી મળેલ લઘુગ્રંથોની હારમાળામાં આ પંચમ ભાગનું સ્વાગત છે. આ. મનમોહનસૂરિ

હેમપ્રભ વિ.

# આ પંન્યાસજી મહારાજ ખરેખર હતાં કોણ? તેઓ કેવા હતાં?



ઘણાં લોકો મને મળીને જાણવા માંગે છે કે તમારા પૂજ્ય ગુરૂ મહારાજ ખરેખર કોણ હતાં-કેવા હતાં? કિન્તુ હું તો ભાવાવેશમાં આજે માત્ર એટલું જ કહી શકું એમ છું કે: ''સાહેબજી અરિહંતોનું નિરંતર મનન કરનાર અને મૈત્રી-પ્રમોદ-કરૂણા-માધ્યસ્થ્યમાં નિતાંત ડૂબેલ અનન્ય આત્મા હતાં! તેઓ પરોપકાર અને કૃતજ્ઞતાભાવમાં ઝબકોળાયેલ એક અનોખા સાધક હતાં! મનના સંશયો ભાંગનાર, મોક્ષમાર્ગ દર્શાવનાર, જિજ્ઞાસુઓને નવું આશાભર્યું જીવન આપનાર એક મૌન મહાત્મા હતાં! ઘણીવાર એવું ય લાગતું કે જાણે પંખીઓ તેમને પ્રદક્ષિણા આપે છે, સર્વ ઋતુઓ તેમને અનુકૂળ થાય છે, અરે... વૃક્ષો ય જાણે તેમને સમીપેથી પસાર થતાં જોઈ લળી લળી વંદન કરે છે! તેઓ આકાશ સમા અતાગ, સમુદ્ર સમાન ગંભીર અને તોયે ખીલું ખીલું થતી કળી સમાન હતાં.''

મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરનાર આવા પૂજ્ય ગુરૂમહારાજ આજે અરૂપી છે અને તેઓના સ્વ-રૂપને સંપૂર્ણ રીતે કહી શકે, એવું કોઈ પદ કે શબ્દ પણ ભવાભિનંદી એવા મારી પાસે નથી! એ પૃથ્વીવંતસ્વામીના ગુણસ્થાનકને હું મૂઢ તો ક્યાંથી ઓળખી કે સમજી શકું? હું તો માત્ર મારા સુસૌભાગ્યને ઓળખું કે તેઓ મને મળ્યાં અને આજે તેથી તેમની જ કૃપાથી આ પ્રકાશનોનો લાભ મળવા બદલ અત્યંત કૃતાર્થતા અનુભવું છું! અસ્તુ!

વડોદરા/મુંબઈ/પૂના

સી. કે. મહેતા

## 'શિવમસ્તુ સર્વ જગતઃ'ની ભાવના વડે પરહિતચિંતા અભિવ્યક્ત થાય છે.

જેના દિલમાં મૈત્રીભાવ નથી, ત્યાં ભાવધર્મ ન રહી શકે.

હિંસાદિની નિવૃત્તિ દ્વારા જેમ જેમ મૈત્રીની ભાવના સક્રિય બનતી જાય છે, તેમ તેમ જીવનું ગુણસ્થાનક વધતું જાય છે. જ્યારે પાપથી નિવૃત્તિ થઈ મૈત્રીભાવ સક્રિય બને, ત્યારે સાધુધર્મ સિદ્ધ થાય છે, તેથી આંતરિક સાધુધર્મ સક્રિય મૈત્રી-સ્વરૂપ છે. અહિંસાદિ ધર્મસ્થાનો મૈત્રી આદિ ભાવોનું જ પ્રકટ સ્વરૂપ, પ્રેરક અને દ્યોતક છે. અહિંસાદિ ધર્મસ્થાનોનું સેવન મૈત્ર્યાદિ ભાવો ન હોય તો લાવી આપે, હોય તો વધારી આપે અથવા ટકાવી આપે છે, તેથી અહિંસાદિ ક્રિયાગત બાહ્યસાધુધર્મ તથા સકલ પ્રાણીઓના હિતાશયરૂપ આંતરસાધુધર્મ - બંને પરસ્પર ઉપકારક છે.

જડની મૈત્રી તોડવા માટે જીવની મૈત્રી આવશ્યક છે,
જડની ભક્તિથી છૂટવા માટે જિનભક્તિ આવશ્યક છે.

<u>અરિહંતનું શરણ અરિહંત બનવા માટે છે.</u>

તે શરણું લેવાનો અધિકાર ઈર્ષ્યા - અસૂયા, વૈર - વિરોધ, નિર્દયતા - નિષ્ઠુરતા, પરતાપ - પરદોષદૃષ્ટિરહિત જીવને હોય છે અને તે દોષ ટાળવાનું મૈત્રી, કરુણા, પ્રમોદ અને માધ્યસ્થ્યાદિ ભાવોથી જ બને છે.

તેથી અરિહંતાદિનું ભાવથી શરણ લેવાનો અધિકારી મૈત્ર્યાદિ ભાવવાળો જીવ જ છે.

જીવો પ્રત્યે અમૈત્રી અને વૈર - વિરોધનો ભાવ સ્વપરઘાતક હોવાથી વિષરૂપ છે, જ્યારે ઉત્કૃષ્ટ મૈત્રી - ભાવનો આશય સ્વપરને પરમ શાંતિદાયક હોવાથી અને અજરામર પદનું કારણ હોવાથી અમૃતસ્વરૂપ છે.

<u>બાહ્યસાધુધર્મ અને મૈત્ર્યાદિ ભાવો રૂપ</u>
<u>આંતરસાધુધર્મ એ પરસ્પર ઉપકારક છે.</u>

સાધુધર્મનો આત્મપરિણામ સર્વ જીવના હિતનો છે. સમ્યગ્દર્શન આવશ્યક છે, તેમ મૈત્રી આદિ ભાવના પણ આવશ્યક છે, પરહિતચિંતા તેનું સ્વરૂપ છે.

## મૈત્રીભાવનું ભાજન

જીવો વચ્ચે રહેલી સજાતીય એકતા એ જ
મૈત્રીભાવનાં અભ્યાસનું ભાજન છે.
સિદ્ધની જે જાતિ, તે જ સાધકની જાતિ છે અને
સાધકની જે જાતિ છે, તે જ સિદ્ધની જાતિ છે.
જાતિગત એકતાનું સ્મરણ મૈત્રી આદિ ભાવોથી થાય છે.
હૃદયભાવોને વિકસાવનાર મૈત્ર્યાદિ ભાવનાનો અભ્યાસ છે,
તેથી તે ધર્મધ્યાનસ્વરૂપ છે.

## મૈત્ર્યાદિ ભાવોથી શું જણાય ?

રાગની વૃત્તિ મૈત્રીથી, દ્વેષની વૃત્તિ કરુણાથી,
પુણ્ય આચરણની પ્રવૃત્તિ મુદિતાથી તથા
પાપાચરણરૂપ પ્રવૃત્તિ માધ્યસ્થ્ય ભાવની સાધનાથી જણાય.
ચિત્તના રાગાદિ મળો ઇંદ્રિયોને વિષયો તરફ પ્રેરે છે.
પ્રાણ અને મનનું અધિષ્ઠાન હૃદય છે.
હૃદયના ભાવો સાથે પ્રાણ, મન તથા બુદ્ધિના ધર્મો જોડવા
એ મૈત્રી આદિ ભાવનાઓના અભ્યાસથી જ શક્ય બને.

'વર્તમાન સંસારવૈરાગ્ય' એટલે...

વિષયોમાં રાગ-દ્વેષપૂર્વકની પ્રવૃત્તિ ન થવા દેવા માટે
ચિત્તના મળોનો દાહ જેનાથી થાય છે,
એવા મૈત્ર્યાદિ ભાવોનો અભ્યાસ કરવો તે.

'ભવત્વનું બહુમાન' એટલે...

મૈત્ર્યાદિ ભાવો અથવા સન્તોષપરિણામનો વિકાસ.
પાપ એટલે અમૈત્રી અને ગુણ એટલે અહિંસાદિ.
પાપનો પ્રતિઘાત એટલે અમૈત્રીનો અભાવ અર્થાત્ મૈત્રી.
અહિંસાબીજ = મૈત્રી આદિ. તેનું આધાન = આસેવન.

જિનભક્તિ - જીવમૈત્રી

યોગના પ્રધાન બે અંગો : યમ અને નિયમ અનુક્રમે
જીવમૈત્રી અને જિનભક્તિ ઉપર પ્રતિષ્ઠિત થયેલાં છે.
જ્યાં જીવમૈત્રી છે, ત્યાં
અહિંસાદિ પાંચે યમોનું પાલન સુકર છે.
જ્યાં જિનભક્તિ છે, ત્યાં
શૌચાદિ પાંચે નિયમોનું પાલન સુકર છે.

માણસજાતની મોક્ષ લાભ માટે કરાયેલું
જીવનનું સમર્પણ જ છે જીવનની સાચી સુખદ ક્ષણ.

ભૂતમાત્ર ઉપર અમર્યાદ પ્રેમ અને મૈત્રી -
એ જ સર્વ પ્રકારની સિદ્ધિના અમોઘ સાધન છે,
તેથી આત્મભાવના માટેની પવિત્રતા પ્રકટ થાય છે.

જેની કરુણાથી તપ, જપ, શ્રુત અને
ક્રિયાની પ્રાપ્તિ છે, તેવા તીર્થંકરોની સ્મૃતિ હૃદય ઉપર
નિરંતર રહેવાથી અહંકાર 'अनुत्थानहतः' થઈ જાય છે.

તપની કસોટી સમતાની પ્રાપ્તિ, કષાયોની મુક્તિ અને
મૈત્રી આદિ ચાર ભાવની જાગૃતિ છે.

જીવમાત્ર સાથે મૈત્રીભાવ તથા કર્મમાત્ર સાથે શત્રુભાવ
- એ પણ એક પ્રકારની તત્ત્વરૂચિ છે.

મૈત્રી એ આનંદનો ગુણાકાર - શોકનો ભાગાકાર છે.
ક્ષમાની મદદ વડે મૈત્રીનું વિસ્તૃતીકરણ કરવું જોઈએ.

ગૌતમબુદ્ધ કહે છે : કરુણા એ ધર્મવૃક્ષનું મૂળ છે.
મહાવીર પ્રભુ કહે છે : કરુણા સમદૃષ્ટિનું લક્ષણ છે.

મૈત્રી એ પરહિતચિન્તનરૂપ છે.
શત્રુનું પણ હિતચિન્તન એ મૈત્રીની પરાકાષ્ઠા છે.
મૈત્રી = સ્નેહભાવ, જેનો અધિક વિકાસ એટલે ક્ષમા.
સર્વ પ્રાણીઓના આત્મા એકસરખા છે,
માટે સર્વ તરફ કરુણા, મૈત્રી, ક્ષમા, પ્રમોદ અને
માધ્યસ્થ્ય ધારણ કરવા, તે જ ખરો ધર્મ છે.
મનને નિર્વિચાર કરી આત્મતત્ત્વનું ચિન્તવન કરો.
પ્રાણીમાત્રમાં એક જ આત્મતત્ત્વને જુઓ.
મૈત્રી અને માધ્યસ્થ્ય કેળવો.
દુષ્કૃતોની નિન્દા કરી સર્વ સુકૃતોની અનુમોદના કરો.
અરિહંતાદિનું શરણ સ્વીકારો.
મિત્રભાવ વડે શત્રુભાવને હણો પ્રમોદભાવને વિકસાવો
તથા કરુણા અને માધ્યસ્થ્ય ભાવને કેળવો.
મિત્રતામાં આવશ્યક ત્રણ વસ્તુ
મિત્રનું સાહચર્ય તથા સતત ઉપસ્થિતિ,
મિત્ર માટે સમર્પણ તથા મિત્ર સાથે પરામર્શ.

## મૈત્રી, પ્રમોદ અને કરુણામાં માધ્યસ્થ્ય

મૈત્રીમાં માધ્યસ્થ્યનું પાલન છે, ઈર્ષ્યામાં નહિ.
પ્રમોદમાં માધ્યસ્થ્ય જળવાઈ રહે છે, અસૂયામાં નહિ.
કરુણામાં માધ્યસ્થ્ય રહેલું છે, ઉપેક્ષામાં નહિ.
ઉદાસીનતામાં માધ્યસ્થ્ય જળવાય છે, તિરસ્કારમાં નહિ.

ઉત્કૃષ્ટ મૈત્રીમાં અપાયાપગમાતિશય,
ઉત્કૃષ્ટ પ્રમોદમાં પૂજાતિશય, ઉત્કૃષ્ટ કરુણામાં વચનાતિશય
અને ઉત્કૃષ્ટ ઉદાસીનતામાં જ્ઞાનાતિશય છૂપાયેલો છે.

ઉત્તમોત્તમ મહાપુરુષોના સાત્ત્વિક જીવનની રસપ્રદ કથાઓ વાંચીને સર્વ સત્ત્વનો મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્યભાવમાં ઓતપ્રોત બને છે. ઉપરાંત અવિચ્છિન્ન પ્રભાવશાળી ત્રિકાળાબાધિત વીતરાગધર્મની પૂર્ણ શ્રદ્ધા સાથે ઉત્તરોત્તર કલ્યાણને સાધે છે, એ શુભ ભાવોનું માહાત્મ્ય છે. સર્વ જીવ સિદ્ધ સમ છે, માટે જ મૈત્રી, પ્રમોદભાવ, કારુણ્ય અને માધ્યસ્થ્યભાવની જરૂર ઊભી થાય છે.

કરુણા એ શુદ્ધ જીવનો સ્વભાવ છે.

નામનિક્ષેપ, આકૃતિનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ અને ભાવનિક્ષેપ
- એમ ચારે નિક્ષેપા વડે કરુણા અભિવ્યક્ત થાય છે.
તેનો સાક્ષાત્કાર કરવો, એ આત્માર્થીનું કર્તવ્ય છે.
અન્યથા કૃતઘ્નતા, આસક્તિ આદિ દોષો પોષાય છે.

દુઃખીના દુઃખનાશ કરવાની શક્તિ જેમાં રહેલ,
તે તત્ત્વ કરુણામય કહેવાય.

જીવની વૃત્તિમાં રાગ અને દ્વેષ છે તથા
પ્રવૃત્તિમાં પુણ્યકરણી અને પાપકરણી છે.
એ ચારેની નિવૃત્તિ અનુક્રમે
મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષાની ભાવનાથી થઈ જાય છે.
મૈત્ર્યાદિ ભાવનાઓથી વૃત્તિ અને પ્રવૃત્તિ વિશુદ્ધ બને.

મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષાનું
સાવધાનતાપૂર્વક તથા ચિરકાળપર્યંત અનુષ્ઠાન કરવાથી
ચિત્તમાંના રાગાદિ મળ નિવૃત્ત થઈ જાય છે અને
ત્યારે આભ્યંતર શૌચ સ્થિરત્વને પામે છે.

# નમસ્કાર અને મૈત્રીભાવ

નમસ્કારથી સ્નેહ અને મૈત્રીના અભાવરૂપ પાપ જાય છે
અને પ્રમોદ અને સ્નેહના સદ્ભાવરૂપ મંગળ આવે છે.

મૈત્રીનો અભાવ તે પાપ છે અને
સ્નેહનો સદ્ભાવ તે ધર્મમંગળ છે.

'પ્રવણ પરિણામઃ ।' અને 'મૈત્ર્યાદિભાવ સંયુક્તં ।'
પ્રવણ પરિણામની સાથે મૈત્ર્યાદિનો અભેદ છે.

મૈત્ર્યાદિ ભાવ વિના દુર્ગતિમાં પડતાં
જીવને કે જગતને કોણ ધારણ કરી શકે?

એ જ પ્રમાણે જીવના હૃદયમાં જ્યાં સુધી મૈત્રી રહેશે,
ત્યાં સુધી આ જીવોને ધારણ કરવાનું કાર્ય ચાલુ રહેશે.
સત્પુરુષોના હૃદયમાં મૈત્ર્યાદિ રૂપ ભાવધર્મ છે. એ ન
હોય તો જીવોના અશુભ પરિણામની કોઈ મર્યાદા ન રહે.

આત્માને સદાને માટે જીવાડનાર અને અજરામર
બનાવનાર હોવાથી મૈત્રી - પ્રમોદ આદિ ભાવપ્રાણો
સમ્યગ્દૃષ્ટિ જીવને પ્રાણથી પણ અધિક પ્યારા લાગે છે.

## ઉપેક્ષા અને માધ્યસ્થ્ય ભાવનામાં શું ફેર?

ઉપેક્ષા એ ચોથી ભાવનાનું નામ છે,
જ્યારે માધ્યસ્થ્ય એ ચાર ભાવનાથી ઉત્પન્ન થયેલ
એક ચિત્તપ્રસાદાત્મક ઉચ્ચતમ અવસ્થા છે.

'મૈત્ર્યાદિ ભાવનામાં અમુક અંશે ઔદયિકતા અને અમુક અંશે ક્ષાયોપશમિકતા રહેલી છે' એમ કહી શકાય. 'क्षायोपशमिकानि इन्द्रियाणि ।' એમ જ્યાં કહ્યું છે, ત્યાં ઇંદ્રિયો એક બાજુ ઇંદ્રિય પર્યાપ્તિ નામકર્મજન્ય ઔદયિક છે, તો બીજી બાજુ ક્ષાયોપશમિક પણ છે.

'मित्ती मे सव्व भूएसु ।' એ પદથી ભાવના કરાય કે:
'જીવોને જીવ તરીકે હું ભૂલી ન જાઉં અને
ઉત્પન્ન થયેલો જીવતત્ત્વ પ્રત્યેનો એ ભાવ ટકાવી રાખું.'

'वेरं मज्झ न केणइ ।' એ પદથી ભાવના કરાય કે:
'તે સર્વ જીવો શિવ ન પામે, ત્યાં સુધી મારી તે જીવો
પ્રત્યેનો મૈત્રીભાવ ન છોડવાની પ્રતિજ્ઞા કરું છું.'

શાસ્ત્રવાર્તાસમુચ્ચય, સ્યાદ્વાદ કલ્પલતા ટીકાના આધારે:

(a) શુભાશય રૂપ ધર્મમાં અહિંસાદિ ૧૦ લક્ષણ ધર્મનું મૂળ કારણભૂત છે, જેનું કારણ મૈત્રી એટલે કે 'પ્રત્યુપકારનિરપેક્ષા પ્રીતિઃ ।' છે (પૃષ્ઠ-૫/૨).

(b) આ મૈત્રી સામ્ય અને ક્ષયોપશમ દ્વારા શુદ્ધોપયોગ રૂપ ધર્મમાં ઉપયોગી નિવડે છે (પૃષ્ઠ-૬/૨).

(c) મૈત્ર્યાદિ વાસના એ શુદ્ધ વાસના છે (પૃષ્ઠ-૧૦/૨).

(d) મૈત્ર્યાદિ ભાવનોપબૃંહિત અનિત્યત્વાદિ અનુપ્રેક્ષાઓનો અભ્યાસ પરમ નિર્મમત્વની પ્રાપ્તિ કરાવે છે. વિષયદ્વેષ પણ અગ્નિની જેમ બાધ્યવિનાશ કરી સ્વયં શાંત થાય છે, તેથી નિર્મમતા પરમ માધ્યસ્થ્યમાં પરિણમે છે (પૃષ્ઠ-૧૦/૧).

(e) મૈત્ર્યાદિ શુદ્ધ વાસનાનાં બળથી રાગ-દ્વેષ વાસના, પુણ્યાકરણાનુશય વાસના તથા પાપકરણ નિમિત્તકાનુશય વાસના નિવૃત્ત થાય છે, તેથી અશુભનાદૂષણ પુણ્યપ્રવૃત્તિ અને ચિત્તપ્રસત્તિ દ્વારા ઉત્કૃષ્ટ માધ્યસ્થ્ય આવે છે (પૃષ્ઠ - ૧૦/૨ તથા પૃષ્ઠ - ૧૧/૧).

જયણા અને જિનભક્તિ પરસ્પર અનુસ્યૂત છે.
જયણાના ઉપદેષ્ટા સર્વ જિનેશ્વરો ભક્તિને પાત્ર છે.
જિનેશ્વરોની ભક્તિ જયણાને વિકસાવે છે તથા
જયણા જિનભક્તિને વિકસાવે છે.
જિનભક્તિમાં મોક્ષતત્ત્વની ઉપાદેયતા રહેલી છે,
જયણામાં સંવર - નિર્જરા તત્ત્વની ઉપાદેયતા છે.
જીવનું અશુદ્ધ સ્વરૂપ કરુણા અને માધ્યસ્થ્યને તથા
જીવનું શુદ્ધ સ્વરૂપ પ્રમોદ અને ભક્તિને પાત્ર છે.
શુક્લધ્યાનની ધારાએ ચઢવા પ્રથમ મૈત્ર્યાદિ ભાવમાં અને
પછી આત્મભાવમાં રમણ કરવું, એ ક્રમ છે.
શિવાર્ય કૃત 'ભગવતી આરાધના' ગ્રન્થ
૨૦૦૦ વર્ષ જુનો અને મહત્ત્વનો ગ્રન્થ છે.
ત્યાં 'પરસુખેચ્છા |' એવું મૈત્રીનું લક્ષણ આપ્યું છે
અને 'ઉપેક્ષા' એટલે સુખ કે દુઃખ -
બેમાંથી એકે પણ ન ઇચ્છવું, તેને 'માધ્યસ્થ્ય' કહેલું છે.
આમ જુદી જુદી વ્યાખ્યાઓ મળી આવે છે.

મૈત્રીભાવ એટલે આત્મૌપમ્ય યા અભેદની દૃષ્ટિ.
તે કેળવાય તો જ દુઃખીના દુઃખ દૂર કરવા રૂપ
કરુણાવૃત્તિ, ગુણાધિકના ગુણ પ્રત્યે પ્રમોદવૃત્તિ અને
તદ્દન જડ જેવા અપાત્ર જીવો પ્રત્યે
માધ્યસ્થભાવ અથવા તટસ્થવૃત્તિ સંભવી શકે છે.
'નમો' પદ પ્રમોદ અને કરુણાવાચક છે.
'નમસ્કાર ચતુર્વિધ સંઘનો પ્રાણ છે' અર્થાત
કરુણા - માધ્યસ્થ્યાદિ ભાવો એ સંઘના પ્રાણ છે તથા
પ્રમોદથી વિષયવૃત્તિ - કરુણાથી કષાયવૃત્તિ જાય છે.
જ્ઞાની પ્રત્યે ભક્તિ, અજ્ઞાની પ્રત્યે કરુણા,
જીવો પ્રત્યે મૈત્રી તથા પાપી પ્રત્યે ઉદાસીનતા જોઈએ.
ધર્મનું મૂળ દયા છે, એટલે
દયાળુ પ્રત્યે ભક્તિ, દયાવિહીન પ્રત્યે કરુણા જોઈએ.
એ જ મળીને મૈત્રી તથા માધ્યસ્થ્ય પ્રગટાવે છે.
આત્મૌપમ્ય દૃષ્ટિ એ બધાનું મૂળ છે, તેમાંથી
કરુણા, ભક્તિ, ઔદાસિન્ય વગેરે શુભ ભાવો જન્મે છે.

મૌન અશુભથી બચાવે છે,
પ્રમોદ અને કરુણા શુભમાં જોડે છે તથા
માધ્યસ્થ્ય શુદ્ધમાં લઈ જાય છે.
સમ્યગ્દર્શનથી મિથ્યાત્વ રોકાય છે અને
ભક્તિ તથા કરુણા, મૌન અને પ્રમોદ, ઉપેક્ષા તથા
માધ્યસ્થ્યભાવ કેળવવાથી આત્મામાં સમ્યગ્દર્શન ટકે છે.
'નમો'થી મૌન સધાય છે,
'અરિહં' પ્રમોદ અને કરુણાનું પ્રતીક છે અને
'તાણં' માધ્યસ્થ્ય સાધી આપે છે.
સમિતિનો વ્યાપાર મૌનભાવનાં ફળરૂપે છે અને
ગુપ્તિ એ માધ્યસ્થ્યભાવનો પરિપાક છે.
ધર્મમૂળ કરુણાનો ઉદ્ભવ પરદુઃખછેદનવૃત્તિથી થાય છે.
બીજાને દુઃખ આપવાની વૃત્તિમાંથી જીવ ન છૂટે, ત્યાં સુધી
પોતાનું દુઃખ દૂર થવાનું નથી. પોતાને માટે જે ઈચ્છે છે,
તે બીજા માટે ન ઈચ્છે, ત્યાં સુધી સ્વપર ભેદબુદ્ધિ -
કે જે બધા પાપનું મૂળ છે, તે દૂર થઈ શકવાની નથી.

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય -
એ ચારે ભાવનાઓ સક્રિય હોવી જોઈએ અર્થાત્
હિતચિંતાની સાથે ગુણાધિકની શક્ય સેવા, દુઃખાધિકને
સહાય તથા પાપાધિકને પાપરહિત બનાવવાનો શક્ય પ્રયત્ન.

મૈત્રીરૂપ હિતચિંતા સાથે શક્ય હિતપ્રવૃત્તિ રહે,
તો જ તે મૈત્રી આદિ ભાવના સાચી તથા
ફળવતી ગણાય અને શુભધ્યાનનો હેતુ બને.
તે જેના પ્રત્યે કરવામાં આવે, તેને જાણતાં કે
અજાણતાં ઓછો - વધતો લાભ અવશ્ય મળે જ છે.
અચરમાવર્તમાં રહેલાં, અતિઘોર નિદ્રામાં પડેલાં,
અપુનર્બંધકાદિ અવસ્થાને નહીં પામેલા,
એવા અનંતાનંત જીવોને મૈત્રી આદિની ભાવના
પ્રવૃત્તિરૂપે ગ્રહણ કરતી નથી, તો પણ તે ભાવના,
જીવો વિષયક કરેલી ભાવના ફેલાવનારને તો અવશ્ય
ગ્રહણ કરે જ છે. અમૈત્રી રૂપી મિથ્યાત્વનું મહાપાપ,
તેમાંથી છૂટવા મૈત્રી એ પાપપ્રતિઘાત સ્વરૂપ બને છે.

દુષ્કૃતની ગર્હાનું ફળ એટલે...
પાપી અને અપરાધી પ્રત્યે માધ્યસ્થ્ય.
સુકૃતાનુમોદનાનું ફળ એટલે...
ગુણ અને ગુણવાન પ્રત્યે મુદિતાભાવ.

'દુષ્કૃતના વિપાક દુઃખ અને દુર્ગતિ છે, તેને જે જીવો ભોગવી રહ્યાં છે, તે તેમાંથી છૂટે' તે કરુણાભાવ છે.

કરુણાભાવનું મૂળ પણ દુષ્કૃતગર્હા બને છે.

સુકૃતનાં ફળ સુખ અને સદ્ગતિ જે અનુભવી રહ્યાં છે, તેના પ્રત્યે મૈત્રીનું મૂળ સુકૃતાનુમોદનનો અભ્યાસ છે.

એ રીતે મૈત્રી, મુદિતા, કરુણા અને માધ્યસ્થ્યનો અભ્યાસ કરી કે ભવિતવ્ય પકાવવાનાં ત્રણ સાધનો કરી, બંને એક જ કાર્ય કરે છે.

સિદ્ધભગવંતોના અનંત ચતુષ્ટયના મૂળમાં કરુણા રહેલી છે. કરુણા સર્વ ગુણોમાં વ્યાપ્ત હોવાથી તેને સિદ્ધના ગુણોમાં જુદી ગણાવેલી નથી. કરુણા વિના કોઈપણ સાચા ગુણની, સુખની કે આનંદની ઉત્પત્તિ નથી.

મંત્રમાળાનાં આદ્ય ઉપદેષ્ટા અરિહંતો

ધર્મમાત્રના ઉત્પાદક છે, મૂળ છે, શ્વેત વર્ણે ધ્યાતવ્ય છે.

તેમ આત્મસ્વરૂપ, જ્ઞાન અને સાધના વડે સિદ્ધ કરનારા
સિદ્ધ ભગવંતો મૂળમાંથી ફળ પર્યન્ત પહોંચેલા છે, તેથી
રક્ત વર્ણે ધ્યાન કરવા યોગ્ય છે.

આત્મસ્વરૂપ એ પુષ્પ છે, તેથી આચાર્ય ભગવંતો
પીત વર્ણે ધ્યાન કરવા યોગ્ય છે.

જ્ઞાન એ પત્ર છે, તેથી જ્ઞાનાભ્યાસમાં રત ઉપાધ્યાય
ભગવંતો નીલ વર્ણે ધ્યાન કરવા યોગ્ય છે.

સાધુ ભગવંતો સાધનાવૃક્ષના સ્કંધ-શાખા-પ્રશાખારૂપ છે,
તેથી કૃષ્ણ વર્ણે ધ્યાન કરવા યોગ્ય સાધુપદ છે.

એ રીતે થતું મૂળ, ફળ, પુષ્પ-પત્ર, શાખા-પ્રશાખા અને
સ્કંધનું ધ્યાન ધર્મવૃક્ષના મૂળનું સિંચન કરે છે.

જેનું પરિણામ અમંત્રરૂપી મહામોહાંધકારનો વિલય થાય
અને મંત્રરૂપી ઝળહળતો ધર્મપ્રકાશ પ્રાપ્ત થઈને ભવ્ય
જીવોને ભવસાગર તરવાના તીર્થરૂપ બની રહે છે.

મંગળ એ ધર્મ છે, એનું મૂળ મૈત્રી છે.
અમંગળ એ પાપ છે, એનું મૂળ અમૈત્રી છે.
અમૈત્રીમાં અજ્ઞાન - અવિદ્યા - મિથ્યાત્વમોહનું સેવન છે,
મૈત્રીમાં જીવતત્ત્વના જ્ઞાનનો પ્રકાશ, આત્મવિદ્યાનો વિકાસ
અને સમ્યક્ત્વ રૂપી સૂર્યનો ઉદય રહેલો છે.
સર્વ જીવનના સ્ત્રોતને અનંતકાળથી કાટ લાગેલો છે.
તેને દૂર કરવા માટે અપરાધની ક્ષમાપના, ઉપકારીની
ભક્તિ તથા અપકારી પ્રત્યે માધ્યસ્થ્યાદિ તેલની જરૂર છે.
માધ્યસ્થ્ય પરિણતિ જ સ્વરૂપરમણતામાં પ્રેરક બને છે.
મૈત્રી, માધ્યસ્થ્ય, પ્રમોદ, કરુણા વગેરે વૃત્તિઓ જ્યારે
મનમાં ઉત્પન્ન થાય છે, ત્યારે તે ગુણરત્નભંડારોથી
ભરપૂર દ્રવ્ય રૂપી તિજોરીનું તાળું ખોલી નાંખે છે.
દુષ્કૃતગર્હાદિનો જ વિસ્તાર દેવાદિવંદન, પ્રતિક્રમણ
અને મૈત્ર્યાદિ ભાવોનું સંવેદન કરવું તે છે,
વળી શરણાગમનાદિ ક્રિયા સહેલાઈથી બની શકે છે.
મૈત્રી એ ઈશ્વરની બક્ષિસ, માનવ માટે આશીર્વાદ છે.

કરુણા એ જ આત્મા અને આત્મા એ જ કરુણા.
આત્માધારક અને આત્માપાલક બંનેનો
યોગ કરાવી આપવાની શક્તિ એક કરુણામાં છે,
તેથી 'કરુણા એ જ ધર્મની અને મોક્ષની જનની છે'
એમ શાસ્ત્રકારોનું અબાધિત નિરૂપણ છે.
નિરંજન શુદ્ધ આત્મદ્રવ્ય વિશ્વના જીવો પ્રત્યે અનંત
કરુણાવાળું હોય છે, તેની પ્રતીતિ નિમિત્ત ધ્યાન દ્વારા
થતો પાપનો નાશ અને દુઃખનો નાશ કરી આપે છે.
યોગીને જ્યારે મૈત્રી આદિ ઉત્કૃષ્ટ થઈ જાય છે અને
મૈત્રીમાં જ્યારે સંયમ કરે છે, ત્યારે
સર્વ પ્રાણીઓનો સુખકારી મિત્ર બની જાય છે.
કરુણામાં સંયમ કરવાથી
દુઃખીઓના દુઃખ દૂર કરવાની શક્તિ આવી જાય છે.
મુદિતામાં સંયમ કરવાથી પક્ષપાતીપણું ચાલી જાય છે.
ઉપેક્ષા કે ઉદાસીનતા કથંચિત્ અભાવાત્મક છે, તેથી
તે સંયમનો વિષય થઈ શકતી નથી. પા-૩-સૂ-૨૩-૨૪

માનસિક કે આભ્યન્તર શૌચ એટલે...

ઈર્ષા, અભિમાન, ઘૃણા, અસૂયાદિ મલોને
મૈત્રી આદિ શુભ ભાવના દ્વારા દૂર કરવા તે.
રાગ-દ્વેષાદિના વિરોધી મૈત્ર્યાદિ ભાવ કરવાથી પ્રસન્નતાને
પ્રાપ્ત થયેલું ચિત્ત સંપ્રજ્ઞાત સમાધિને યોગ્ય બને છે.

કરુણા એ માનવ આત્માનો મૂળ સ્વભાવ છે.

પશુઓમાં પણ કરુણાનું એક રૂપ છે, પરંતુ
ત્યાં કરુણા અને અહિંસાની ઈતિશ્રી નથી, પ્રારંભ છે.
કરુણાનું ક્ષેત્ર ઘણું વ્યાપક અને અતિ વિશાળ છે.
ઈશ્વરને જે 'સર્વવ્યાપક' કહેલ છે,
તે શરીરદૃષ્ટિએ નહિ, કિન્તુ આત્મદૃષ્ટિએ - ભાવદૃષ્ટિએ.

'અનુમોદન' એટલે પ્રમોદ ભાવના

20 પ્રત્યય તથા 7 ધાતુ થકી અભિવ્યક્ત થતો આનંદ.

ગુણની પ્રસન્નતાદિ વડે ગુણાધિક પુરુષો પ્રત્યે જ્યારે
આંતરિક પ્રીતિ દર્શાવાય, ત્યારે તે પ્રમોદ ગણાય છે.
પ્રમોદનં પ્રમોદઃ । એટલે પ્રકૃષ્ટપણે આનંદ અનુભવવો.

આત્મહિતની ચિન્તા તે નિશ્ચય મૈત્રી છે.
આત્માના જ્ઞાનાદિ ગુણોનો પ્રમોદ, આત્માના દ્રવ્ય-ભાવ, બાહ્ય-આંતર, શારીરિક-માનસિક દુઃખોની કરુણા અને આત્માના દુષ્ટ કર્મો અને તેના વિપાક પ્રત્યે ઉપેક્ષા, તે નૈશ્ચયિક પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ્ય છે.
મૈત્રીથી નમસ્કાર જાય, ભક્તિથી અહંકાર જાય અને વિરતિથી આત્માના કુસંસ્કાર જાય છે.

## ચાર અતિશય અને શરણાગમન

સાધુનું શરણ એ મૈત્રીભાવનું શરણ છે.
સિદ્ધનું શરણ સંતોષ-સમતા-વીતરાગભાવનું શરણ છે.
અરિહંતોનું શરણ તે પ્રમોદભાવનું શરણ છે.
ધર્મનું શરણ તે કરુણાભાવનું શરણ છે.
પ્રમોદભાવનું ફળ આર્હન્ત્ય છે (પૂજાતિશય).
માધ્યસ્થ્યભાવનું ફળ સિદ્ધત્વ છે (જ્ઞાનાતિશય).
મૈત્રીભાવનું ફળ સાધુત્વ છે (અપાયાપગમાતિશય).
કરુણાભાવનું ફળ ધર્મિત્વ છે (વચનાતિશય).

મૈત્ર્યાદિ નિર્મળ વાસના દેહલી - દીપક ન્યાયે
એક તરફ વૈરાગ્યને મધુર બનાવે છે અને
બીજી બાજુ આત્મજ્ઞાનને સુલભ કરે છે.

મૈત્ર્યાદિ ભાવનાઓ વડે સ્થૂલ - સૂક્ષ્મ ઉભય વૈરાગ્ય પુષ્ટ થાય છે અને આત્માના જ્ઞાનાદિ ગુણ અને તે ગુણોના આધારરૂપ આત્મદ્રવ્ય પ્રત્યે અભિરુચિ કેળવાય છે, પરિણામે પરોક્ષ - અપરોક્ષ આત્મસાક્ષાત્કાર થાય છે.

એ રીતે મૈત્ર્યાદિ ભાવનાઓ અનાત્મભાવો પ્રત્યે વિરક્તિ ઉત્પન્ન કરી આત્મદ્રવ્ય, તેના જ્ઞાનાદિ ગુણ અને તેના સ્વભાવમાં પરિણમન રૂપ પર્યાય પ્રત્યે અભિરુચિ, અભિલાષા અને આકર્ષણ પેદા કરે છે, દેહલી - દીપક ન્યાયે દોષ - ગુણ ઉભય પર પ્રકાશ પાડીને દોષને ત્યાજ્યરૂપે અને ગુણને ઉપાદેયરૂપે સમજાવે છે.

પ્રાણ, મન અને બુદ્ધિનું અધિષ્ઠાન હૃદય છે.
મૈત્રી આદિ ભાવનાઓના અભ્યાસથી જ હૃદયના ભાવો સાથે પ્રાણ, મન, બુદ્ધિના ધર્મો જોડવાનું શક્ય બને છે.

મૈત્રી = સર્વ જીવો પ્રત્યે હિતબુદ્ધિ.

મૈત્રી + પ્રમોદ = મૈત્રી સાથે ગુણાધિક પ્રત્યે પ્રમોદ.

મૈત્રી + કારુણ્ય = મૈત્રી સાથે દુઃખાધિક પ્રત્યે કરુણા.

મૈત્રી + માધ્યસ્થ્ય = મૈત્રી સાથે પાપાધિક પ્રત્યે મધ્યસ્થતા.

મૈત્રીમાં ક્ષમા માંગવાની છે - દયા આપવાની છે,
પ્રમોદમાં અનુગ્રહ માંગવાનો છે - કૃતજ્ઞતા આપવાની છે
તથા કરુણા અને માધ્યસ્થ્યમાં
ભેદભાવ ભાંગવાનો છે - અભેદભાવ સાધવાનો છે.

આ જગતમાં સૌથી કિંમતી ચીજ જો કોઈ હોય,
તો તે છે આપણા અંતરના શુભ ભાવો - એટલે કે
પ્રેમ, દયા, મૈત્રી, કરુણા, ભક્તિ, વિરતિ વગેરે.

મૈત્રી - કરુણાના પાયા ઉપર વિશ્વકુટુંબ રચી શકાય છે.

બધું ભલે ખોવાઈ જાય, પરન્તુ
મનના શુભ ભાવોનું તો સદા જ રક્ષણ કરજો.
ખોવાયેલું બધું જ ફરી પાછું આવે છે પણ ખોવાઈ ગયેલા
ભાવને પાછા મેળવવા માટે કદાચ ભવો ફરવા પડે.

માનવમન એ એક મહાન મૂડી છે.

મૈત્રી - પ્રમોદ - કારુણ્ય - માધ્યસ્થ્યાદિ ભાવોનો વિકાસ એ મનરૂપી મૂડીનો શ્રેષ્ઠ ઉપયોગ છે. ક્રૂર તથા કૃપણ આત્માઓ એનો ઉપયોગ એમ કરી શકતાં નથી, તેથી ભવાભિનંદી જીવોના લક્ષણોમાં પહેલું ક્રૂરતાને કહ્યું છે.

માનવમન રૂપી અમૂલ્ય મૂડીને જ્યાં સુધી
અન્યના હિતચિન્તનમાં, અન્યના ગુણની ઉપબૃંહણામાં,
દુઃખની કરુણામાં કે પાપના માધ્યસ્થ્યમાં
મનનો ઉપયોગ કરવાની વૃત્તિ ન થાય,
ત્યાં સુધી એમ સમજવું જોઈએ કે
હૃદયમાં ઠાંસી - ઠાંસીને ક્રૂરતા ભરેલી છે.

અન્ય વસ્તુને ભોગ માટે વાપરવામાં જે લાભ છે,
તેના કરતાં મનને વાપરવામાં પાપક્ષય - પુણ્યોપાર્જન
અને સુસંસ્કારસિંચનનો અનંત ગુણો લાભ છે.

રાગ-દ્વેષનું નિવર્તન તે માધ્યસ્થ્ય પરિણતિ છે.
માધ્યસ્થ્ય પરિણતિ સ્યાદ્વાદબોધથી થાય છે.

જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ભાવોથી વિપરીત ભાવો ધારણ કરવા, તે પ્રજ્ઞાપરાધ છે, જે સર્વ રોગોનું મૂળ છે, પછી તે આહાર સંબંધી હો, વિહાર સંબંધી હો કે વિચાર સંબંધી હો. વિચાર સંબંધી એટલે મનોવ્યાપાર સંબંધી પ્રજ્ઞાપરાધ મૈત્ર્યાદિ ભાવનાઓથી દૂર થાય છે, તેથી તે સર્વ રોગો, દ્રવ્યભાવ ઉભય પ્રકારના રોગોને દૂર કરવાનું ઔષધ છે.

નાનું બાળક માંદુ થાય, ત્યારે માતા કરૂણાથી સેવા કરે. મોટું થઈને હોંશિયાર થાય, ત્યારે તેની પીઠ થાબડે તથા જ્યારે તે સ્વતંત્રપણે પોતાનો સંસાર ચલાવે અને પોતાની ઇચ્છાથી વિરુદ્ધપણે વર્તે, ત્યારે પણ તેના તરફ દ્વેષવૃત્તિ નહિ પણ મધ્યસ્થવૃત્તિ ધારણ કરીને જ્યારે પણ જરૂર પડે, ત્યારે તેને મદદ કરવા તૈયાર રહે છે,

તે પ્રમાણે સર્વજ્ઞકથિત ધર્મને પામેલો જીવ

સર્વ જીવો પ્રત્યે માતૃતુલ્ય વૃત્તિથી અર્થાત્

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યભાવથી વર્તે છે, તેના પરિણામે સકલ કર્મનો ક્ષય કરી સિદ્ધિપદને મેળવે છે.

## મૈત્રીભાવનું માહાત્મ્ય

પરહિતચિંતાની બુદ્ધિ જેના અંતરમાં હોય છે, તેને રાગ-દ્વેષ, ઈર્ષ્યા - અસૂયાદિ ગુણવનને બાળી નાંખનાર દાવાનલ સમાન દ્વેષ ટકતો નથી તથા વૈર-વિરોધનો ભાવ ઉત્પન્ન થયો હોય, તો પણ તત્કાલ શાંત થાય છે.

મૈત્રીભાવનાં વિસ્તાર અને વૈરવિરોધ શમાવવા માટે જ ઉભયકાળ પ્રતિક્રમણ કરવાનું વિધાન છે.

પરહિતચિંતાનો સાત્ત્વિકભાવ સમ્યક્ત્વમાં સ્થિરતા લાવે તથા ઉપશમ ગુણને પુષ્ટ કરે છે.

મૈત્રીની ભાવના એ ધર્મનો સાર તથા મોક્ષને દેનાર છે.

## પ્રમોદભાવનું માહાત્મ્ય

ફલપ્રાપ્તિ માટે વર્તન મુખ્ય છે. વર્તનના મૂળમાં વિચાર છે. વિચારના મૂળમાં સંસ્કાર અને સંસ્કારના મૂળમાં ભાવ છે.

ભાવનાનાં અભ્યાસથી ભાવ સ્થિર થાય છે.

ગુણરાગના અભાવે અભવ્યનો જીવ ઉત્કૃષ્ટ ચારિત્ર પાળી નવમે ગ્રૈવેયક જાય તો પણ મુક્તિ પામતો નથી.

## કરુણાભાવનું માહાત્મ્ય

કરુણાભાવ અહિંસા મહાવ્રતનું મૂળ છે.
અપ્રમત્ત મુનિને જીવે જીવે કરુણાભાવ હોય છે, તેથી
કદાચ જીવહિંસા થઈ જાય, તો પણ
કર્મનો બંધ નથી, પરન્તુ ઘણી ઘણી નિર્જરા થાય છે.
કરુણારહિત પ્રવૃત્તિમાં જીવ ન મરે,
તો પણ હિંસકભાવ છે, તેથી ઘણો ઘણો કર્મબંધ છે.
અપરાધી જીવ પ્રત્યે પણ કરુણા ટકી રહેલ,
તે સમકીત ગુણનું લિંગ છે, ચિહ્ન છે, નિશાની છે.
દીન-હીન જીવને દેખી જેના હૃદયમાં કરુણા ઉત્પન્ન
ન થાય, તેના અંતરમાં ધર્મ વસ્યો નથી, એમ ખાત્રીથી માનો.
અનુકંપા અને અભયદાન ધર્મમાં દૃઢતા લાવનારાં છે.
કરુણાવાન સૌ જીવોને આત્મસમાન જૂએ છે.
જેના હૃદયમાં દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારની અનુકંપા છે,
તે બલ, બુદ્ધિ, ઋદ્ધિ, સિદ્ધિનો અધિકારી બની
અક્ષય-અવ્યાબાધ મુક્તિસુખનો ભોક્તા બને છે.

## માધ્યસ્થભાવનું માહાત્મ્ય

કર્મપ્રભાવે આ જીવ અનાદિકાળથી સમકીત કે વીતરાગતા પામ્યો નથી. કર્મ બળવાન - કર્મપરવશ જીવ નિર્બળ છે. કર્મ વિવર ન આપે તો જિનેશ્વરોનો સંગ પણ ફળતો નથી. કર્મનો આ વિચાર જીવો પ્રત્યે મધ્યસ્થભાવ લાવે છે તથા પરપરિવાદ આદિ મહાપાપોથી બચાવે છે.

કર્મની પ્રબળતાથી જ્યારે કોઈ ઉપાય ન રહે, ત્યારે સમકીતદૃષ્ટિ મધ્યસ્થ રહે છે. મરીચિ ઉપર ઋષભદેવ અને જમાલિ ઉપર વીર પ્રભુ મધ્યસ્થ રહ્યાં હતાં, તે કર્મની બળવત્તરતાના દૃષ્ટાંતો છે.

જેમ જીવ ઉપર, તેમ રોગ - શોક - દારિદ્ર્ય ઉપર તથા દુઃખ અને દૌર્ભાગ્યના ઉદય વખતે પણ કર્મનો વિચાર કરી માધ્યસ્થ્ય કેળવવું, એ જ વિવેકનું ફળ છે. સુખદાયી કે દુઃખદાયી પદાર્થોના સંગ અને સમાગમ સમયે કર્મનું ફળ તથા બળ વિચારી જેઓ મધ્યસ્થ રહે છે, તેઓ જ પરમ સમતાના આનંદરસના ભોક્તા બને.

સત્પુરુષોનાં જે જાગૃતિનાં શ્રેષ્ઠ ચાર સાધનો

શ્રેષ્ઠ તરફ મુદિતા, સમાન તરફ મૈત્રી,
કનિષ્ઠ તરફ કરુણા અને તે સૌ વિશ્વનાં
બધાં તરફ ઉપેક્ષા - તટસ્થતા - માધ્યસ્થતા.

અર્થશાસ્ત્રનો આદેશ છે કે:

ઓછામાં ઓછા પ્રયત્ને વધુમાં વધુ ફળ લાવવું.
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ્ય ભાવનાથી યુક્ત એવો
ધર્મ થોડાંમાં થોડાં પ્રયત્ને વધુમાં વધુ ફળ લાવે છે,
તેથી તે Economical point of viewથી પણ
અત્યંત આદરણીય બને છે.

જેને જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ જાગ્રત થયો નથી,
તે ધર્મ પામવાને લાયક પણ કેમ ગણાય?

મૈત્રી નથી, ત્યાં તેની પ્રતિપક્ષ અમૈત્રી રહેલી છે.
અમૈત્રી એ આસ્રવ છે, આસ્રવ એ સંસારનો હેતુ છે.
અમૈત્રીરૂપી આસ્રવથી બચવા મૈત્રીને પાપપ્રતિઘાત
અને ગુણબીજાધાનનું પરમ કારણ માન્યું છે.

જગતની વિભૂતિઓના કેન્દ્રસ્થાને સિદ્ધચક્ર છે.
સિદ્ધચક્રના કેન્દ્રમાં અરિહંત છે, તેમના કેન્દ્રસ્થાને
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય છે.
આ ૪ ભાવના જેટલી ઊંચી, એટલી ઊંચી સમૃદ્ધિઓ
તેના પગમાં આવવાને પડે છે.
જ્યાં મૈત્ર્યાદિ ભાવનાઓ ન હોય,
પછી સંઘ ગમે તેટલો મોટો હોય કે સમૃદ્ધ હોય,
તો પણ એની ઉન્નતિ શી રીતે થાય?
ખરેખર જો શાસનની આરાધના-પ્રભાવના કરવી હશે, તો
પહેલાં આ ચાર ભાવનાને હૈયામાં ભાવવી જ પડશે.
બધી જ બાહ્યક્રિયાઓ ઉપયોગી છે પણ શા માટે?
ઉત્તર: અંદર ભળી જવા માટે.
તપ, ત્યાગ, દાન હોવા છતાં ખૂટે છે શું?
ખૂટે છે મૂળભૂત આ મૈત્ર્યાદિની વૃત્તિઓ...
એના વિના ઈર્ષા, તેજોદ્વેષ, અસહિષ્ણુતા, સ્વાર્થભાવ
આદિને લીધે સાચી ધર્મક્રિયા થઈ શકતી નથી.

Imp **પ્રેમ અને કરુણાનો અવિનાભાવ સંબંધ**

પ્રેમ અને કરુણા બે સાથે ચાલે છે.

પ્રેમને શરીર કહીએ તો કરુણાને તેની ક્રિયા અથવા તો
વિસ્તાર કહી શકાય. વાસ્તવિક પ્રેમ અંતર્દૃષ્ટિરૂપ છે.
બુદ્ધિ જ્યારે પ્રેમમાં રૂપાંતર પામે છે અને એ પ્રેમ
જ પછી સર્વત્ર પરમાત્મસ્વરૂપને જોતી થાય છે,
ત્યારે જીવોના અજ્ઞાન અને તજ્જનિત દુઃખો પ્રત્યે
અનંત અને સહજ કરુણા પ્રગટે છે.

નવકારના પ્રથમ પદમાં પ્રેમ અને કરુણાનો સંબંધ છે.
'अरिहं' પદ પ્રેમને પ્રકટાવે છે અને
તેને નમસ્કાર કરવાનો ભાવ કરુણાને વિકસાવે છે.

કરુણાર્દ્ર આત્મા જ અરિહંતને ભાવથી નમી શકે છે.
આમ રીતે અરિહંતોને થતો ભાવનમસ્કાર
પ્રેમ અને કરુણાનો એક સાથે જ વિકાસ કરે છે.

યમ અને નિયમ દ્વારા
સાધકનું જીવન મૈત્રી અને કરુણાથી સમૃદ્ધ બને છે.

મૈત્રી જીવદ્રવ્ય સાથે,
પ્રમોદ જીવગુણ ઉપર, કરુણા અને માધ્યસ્થ્ય જીવના
દુઃખ અને પાપરૂપી પર્યાય ઉપર ધારણ કરવાથી
દ્રવ્ય - ગુણ - પર્યાયની સાથે ઓળખાણ કરી કેળવાય.
અનુત્તરના દેવો સાગરોપમ સુધી
દ્રવ્ય - ગુણ - પર્યાયનું ચિન્તન કરે છે, એનો એક અર્થ
મૈત્રી, પ્રમોદાદિ ભાવોમાં રમણ કરે છે, એમ કહી શકાય.
ધર્મનો આત્મા = સ્નેહ, પ્રેમ અને મૈત્રી.
સ્નેહ એ જીવનના વિકાસનો મૂલાધાર છે.
ક્ષમા અને મૈત્રીની આરાધના
એટલી તો વ્યાપક બનવી જોઈએ કે તેમાં ડૂબ્યાં પછી
કોઈની ભૂલ કે અપરાધ દેખાય જ નહીં.
ક્ષમામાં નિર્મળ સ્નેહ અને મૈત્રી છલકાય છે.
'અર્હં'ના કેન્દ્રસ્થાને મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ્ય
આદિ સર્વ જીવો, તેમના ગુણો તથા તેમના પર્યાયો.
ઈર્ષા - અસૂયાદિ કઠોર, મૈત્રી - પ્રમોદાદિ કોમળવૃત્તિ છે.

## સમકીતના પાંચ સોપાન

શમ = મૈત્રી, સંવેગ = પ્રમોદ,

નિર્વેદ = માધ્યસ્થ્ય, અનુકંપા = કરુણા

આસ્તિક્ય = મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ્યનો સરવાળો.

એક તરફ સંસારમાં સ્નેહનો પ્રવાહ અને
બીજી તરફ પરમ તત્ત્વની અખંડ શાંતિ -
એ જો મળે, ત્યારે સાચી પ્રાપ્તિ ગણાય.

શૂન્યતાનો અર્થ સર્વશ્રેષ્ઠ રાગ - પ્રશમ.

કરુણાનો અર્થ જીવોનો ઉધ્ધાર કરવા માટેની દયા.

આ બે તત્ત્વનું મિલન એજ પરમ ગુરૂતત્ત્વ છે.

કરુણા છોડીને શૂન્યને વળગો અને શૂન્યને છોડીને
કરુણાને એકલી વળગો, તે તત્ત્વને પામી શકે નહિ.
જે શૂન્ય અને કરુણાને સાથે જોડી શકે,
તે સંસારમાં જ મોક્ષને પામી શકે.

જગતના સર્વ જીવોને સંપૂર્ણ મૈત્રીભાવ વડે જોવાથી
આંતરિક સાધનાનો વેગ વધે, ન હોય તો આવે છે.

પરહિતચિંતા રૂપ મૈત્રીભાવની અપેક્ષા રાખનાર

આઠ વસ્તુ નીચે પ્રમાણે છે:

(૧) નિંદા શબ્દનું નિવારણ (૨) ત્રિકરણયોગનું જોડાણ

(૩) ૧૮૦૦૦ શીલાંગનું પૂર્ણીકરણ

(૪) ૧૮ લાખ ભાંગનું એકીકરણ

(૫) સર્વ પ્રમાદભૂત આશાતનાવર્જન

(૬) ષડાવશ્યકનું શુદ્ધિકરણ

(૭) ભક્તિમાં ભાવનું ભળવું - મિલનીકરણ

(૮) સાધનાનાં સ્વરૂપનું સ્પષ્ટીકરણ.

પરનિંદાદિ દોષોનું નિવારણ પરહિતચિંતાદિથી જ શક્ય છે.

ધર્મરૂપી સુવર્ણ મૈત્રીના કષથી કસાય છે,
તે લેશ્યાવિશુદ્ધિ છે.

પ્રમોદના છેદથી છેદાય છે, તે એકાગ્રતા છે.

કરુણાના તાપથી અને માધ્યસ્થ્યના તાડનથી જે શુદ્ધ થાય છે, તે અનુક્રમે ચિત્તની અનુકંપાપરતા અને ચિત્તની આપત્તિ સમયે નિશ્ચલતા છે.

જિનની આંખે જગતને જોતાં
જ્યારે બધાના દોષ નાના અને ગુણ મોટાં લાગે,
ત્યારે સમજવું કે જિનદૃષ્ટિ પ્રગટ થઈ છે.

મોક્ષમાર્ગ મેળવવા માટે જીવોની કર્મપરવશતાને
સદા પ્રધાન બનાવીને વિચારણા કરવી જોઈએ.

મધ્યસ્થભાવ ન ટકે, તો હિતભાવ અને
કરુણાભાવને આઘાત પહોંચે, તે સ્વાભાવિક છે.

નવકારમંત્રનો સ્વાધ્યાય સર્વ દોષોનો શોષક અને
અનેક ગુણોનો પોષક તથા પ્રાપક છે.

કર્મક્ષયાદિ માટે સ્વાધ્યાય અમોઘ બની શકે છે.
એવા સ્વાધ્યાયથી ભાવમૈત્રી, ભાવપ્રમોદ, ભાવકરુણા
અને ભાવમાધ્યસ્થ્યના ઉપાસક બની શકાય તથા
તે વડે સ્વપરની સાચી હિતચિંતા સાધી શકાય છે.

વિકલ્પરહિત સ્થિતિ એ જ વાસ્તવિક લાભ છે.
તેની પ્રાપ્તિ માટે નાદાનુસંધાન એ ઉપાય છે.
સદ્ગુરુની કરુણાથી તે સાધ્ય છે.

## વીતરાગ પ્રભુની સૌથી મોટી આજ્ઞા

વિશ્વના સમસ્ત જીવો સાથે મૈત્રી કેળવવાની અને કોઈની સાથે વેર - વિરોધ કે દુશ્મની નહીં રાખવાની છે. બાકી બધી આજ્ઞા આ મોટી આજ્ઞામાં સમાઈ જાય છે.

ભક્તિને પરિણામે વિશ્વમૈત્રીની ભાવનાને જીવનમાં ઉતારવા અહિંસા, કરુણા વગેરે અને મન, વચન, કાયામાં વિશ્વમૈત્રી - દાનાદિ આવવા જોઈએ.

અહિંસા, પ્રેમ અને મૈત્રી આદિ

સાત્વિક ગુણોનો પક્ષપાત એજ સુભાષિતાનું લક્ષણ છે.

'તારો નિંદક આવતી કાલે ઉકરડાનો નિવાસી બનશે' એ કલ્પના જ કરુણાપૂર્ણ વિહ્વળતાને પેદા કરે છે. આવતી કાલના સાચા ભજનીક હૃદયમાં દયા અને આંખમાં કરુણા વ્યાપી જાય, એમ બને તો જ તે ભજન સાચું.

નિંદક પ્રત્યે ક્રોધના સ્થાને કરુણા અને આંખમાંના અગ્નિની જગ્યાએ અશ્રુ આવે, ત્યારે સાચું ભજન પ્રાપ્ત થયું છે, એવો નિશ્ચય કરી શકાય.

'ફ્લાવર' એટલે મૈત્રી - કરુણાદિ ભાવનાઓ.
જ્યાં ભલમનસાઈ - ત્યાં મૈત્રી, પરસ્પરસ લાગણી
ત્યાં ધર્મ અને જ્યાં ધર્મ છે, ત્યાં સુખ છે.

## પ્રેમનું બીજું નામ

નિષ્કારણ કરુણા એ પ્રેમસ્વરૂપ પરમાત્મા છે, કેમકે
તેઓ વિશ્વ પ્રત્યે અહૈતુકી કૃપા ધરાવનારા છે.
જેમ જેમ કરુણાનો વિસ્તાર થાય છે,
તેમ તેમ અંતરના પ્રેમ પણ વિકસે છે. કરુણાથી
પોતાના સુખ-દુઃખને પચાવવાની શક્તિ આવે અને
અંતરના પ્રેમ વડે સત્યને જાણવાની શક્તિ વધે છે.
મૈત્રીભાવનામાં મુખ્યત્વે પ્રેમની વ્યાપકતા છે અને
કરુણાભાવનામાં મુખ્યત્વે દયાની વ્યાપકતા રહેલી છે.
મૈત્ર્યાદિ ભાવોથી રાગ અને ઈર્ષ્યા નાશ છે અને
ચિત્તની પ્રસન્નતા અને એકાગ્રતા સિદ્ધ થાય છે.
કરુણાથી (ગુણાનુરાગ) દ્વેષ અને પરાપકાર વૃત્તિ જાય.
મુદિતાથી અસૂયા નાશ થશે, ઉપેક્ષાથી આકર્ષણ જાય છે.

મૈત્ર્યાદિ ભાવોથી ધર્મમાં ત્રણ શલ્ય નાશ પામે છે:
માયા, મિથ્યાત્વ, નિદાન. એ ૩ શલ્યો સર્વ જીવોની
હિતચિંતાના અધ્યવસાય આગળ ટકી શકતાં જ નથી.
પ્રેમ એટલે મૈત્રી, જે અધમાત્માને પણ મહાત્મા બનાવે છે.

મૈત્રી હોય, ત્યાં પ્રમોદાદિ ભાવો હોય તથા
ક્ષમા હોય, ત્યાં સાધુતાની સૌરભ હોય.

'શિવમસ્તુ સર્વ જગતઃ |' અર્થાત્
જગતના સર્વ જીવોનું હિત થાઓ.

પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ | અર્થાત્
સર્વ પ્રાણીઓ પરહિતમાં રક્ત બનો.

દોષાઃ પ્રયાન્તુ નાશં | અર્થાત્
રાગાદિ, ક્રોધાદિ અને હિંસાદિ દોષો ક્ષય પામો.

સર્વત્ર સુખી ભવતુ લોકઃ | અર્થાત્
સર્વ સ્થળે જીવલોક સુખી થાઓ.

આ પ્રાર્થના મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય-
ચારે ભાવનાને વિકસાવનાર છે.

શત્રુભાવનો નાશ મિત્રભાવથી થાય.

મૈત્રીમાં પ્રેમ દ્વારા રાગ ઉપર વિજય મળે છે,
કરુણામાં દયા દ્વારા દ્વેષ ઉપર વિજય મળે છે.
મુદિતા એટલે પ્રીતિ, ઉપેક્ષા એટલે ઉદાસીનપણું.
પુણ્ય કરનાર જનો વિષે પ્રીતિની ભાવના અને પાપ
કરનાર જનો પ્રત્યે ઉદાસીન વૃત્તિ ધારણ કરવાથી
પુણ્યમાં પ્રીતિ અને પાપમાં ઉપેક્ષા સધાય છે.
બાહ્યાંતર તપ, મૈત્ર્યાદિ ભાવ, સુંદર શીલ તથા
ઔદાર્યાદિ ગુણો વગેરે આંતરનું તેજ છે.
સત્યનો આગ્રહ એ સારી વસ્તુ છે, પરંતુ વ્યવહારમાં
મૈત્રી-કરુણા-મુદિતા-ઉપેક્ષાની ભાવના સેવવી જોઈએ.
સત્યના આગ્રહમાં તીવ્ર મનોવેગ ન આવી જાય,
તે ખાતર આ ચાર ભાવનાઓ કહી છે.
કોઈપણ પ્રસંગે અંતિમ કક્ષા ઉપર બેસવાનો આવેશ
ન આવી જાય, તે ખાતર આ ચાર ભાવનાઓ છે.
એ ભાવનાઓ વડે જીવનવ્યવહાર સૌમ્ય બને છે.

સાવ સાદી અને સર્વસામાન્ય ત્રણ પ્રેરણા

(૧) પ્રેમનો તલસાટ (૨) ત્યાગની ખોજ અને
(૩) માનવ જાતના અસહ્ય દુઃખ માટે કરુણા.
મારાં જીવનમાં આ ત્રણ પ્રેરણાઓનું પ્રભુત્વ રહ્યું છે.
પ્રેમ અને ત્યાગ સ્વર્ગ તરફ લઈ જાય છે,
જ્યારે કરુણા પૃથ્વી ઉપર આણે છે.
માનવ જાતનાં દુઃખ-દર્દ અને ભીષણ યાતનાઓને
ઓછી કરવા માટે કરુણા તલસાટ અનુભવે છે.

મૈત્રી વધારવી એ મારું કામ છે.

મૈત્રી માટે નિરંતર ગુણગ્રાહ્યદૃષ્ટિ અત્યંત આવશ્યક છે.
જો મનમાં ધર્મકરણી પાછળ વૈરાગ્યાદિ કે
મૈત્ર્યાદિ ભાવો ન હોય, તે ધર્મકરણી નિષ્ફળ છે.
કર્મશત્રુને હણનારા જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ છે અને
રાગ-દ્વેષાદિ અશુભ ભાવ, માન-મત્સરાદિ,
વિષય-કષાયાદિ ભાવકર્મ છે તથા
તે સર્વનો નાશ મૈત્રી આદિ શુભ ભાવો વડે થાય છે.

જ્યાં મૈત્રી આદિ વર્તે છે,
ત્યાં સંતોષ અને ત્યાગ પણ રહેલ જ છે.

તત્ત્વાર્થકાર વ્રતોની સ્થિરતા અને ચિત્તની પ્રસન્નતા
માટે મૈત્ર્યાદિ ભાવનાનો ઉપદેશ બતાવે છે.

પ્રમોદ ભાવના માટે 'ધર્મસંગ્રહ ભાષાંતર'માં કહ્યું છે કે:
આપણા કરતાં અધિક ગુણવાન વડીલો પ્રત્યે નમન
આદિથી અને લઘુ પ્રત્યે પ્રસન્નતા આદિથી જણાવાતો
હાર્દિક ભક્તિરાગ, તે 'પ્રમોદ' કહેવાય છે.

મૈત્રી તે સર્વજીવવિષયક માધ્યસ્થ્ય પરિણતિ છે,
પ્રમોદ તે ગુણાધિકવિષયક માધ્યસ્થ્ય પરિણામ છે,
કરુણા તે દુઃખાધિકવિષયક માધ્યસ્થ્ય પરિણામ છે અને
ઉપેક્ષા તે પાપાધિકવિષયક માધ્યસ્થ્ય પરિણામ છે.

તત્ત્વાર્થ શ્રદ્ધાન થયાં પછી જીવને
સ્વાભાવિક રીતે જ મૈત્ર્યાદિ ભાવો ઉત્પન્ન થાય છે.

જીવમૈત્રી, જિનભક્તિ, સર્વવિરતિ, ક્લેશમુક્તિ,
ચિન્માત્ર સમાધિ - એ સર્વ અરિહંતભક્તિના ફળ છે.

(૧) કર્મનો ભાર ઉતારવાનું સ્થાન છે: દુષ્કૃતગર્હા.
તે મૈત્રી તથા માધ્યસ્થ્ય ભાવનાથી થાય.

(૨) પુણ્યહીનપણાની સ્થિતિ નિવારવાનો ઉપાય છે:
સુકૃતાનુમોદના. તે પ્રમોદ તથા કારુણ્ય ભાવનાથી થાય.

મૈત્રી સમાન દાન નહિ, દયા સમાન ધર્મ નહિ.

મૈત્રીમાં દયા, ક્ષમા, સંતોષ ત્રણે છે. મૈત્રી = સ્નેહપરિણામ.
મૈત્રીમાં સરળતા, નમ્રતા, નિર્લોભતા ઓતપ્રોત રહેલી છે.
તે તપ, ત્યાગ અને અહિંસા - ત્રણેને વિકસાવે છે.
મૈત્ર્યાદિ ભાવો તે અનિત્યતાદિ ભાવનાઓનું ફળ તથા
અનિત્યતાદિ ભાવનાઓ તે મૈત્ર્યાદિ ભાવનું ફળ છે.
જ્ઞાનથી વિરક્તિ અને વિરક્તિથી મૈત્રી - એ ક્રમ છે.
મૈત્રી એ જ્ઞાનનું મૂળ પણ છે અને ફળ પણ છે.
સર્વ પ્રત્યે શત્રુભાવ અને ઉદાસીનભાવ દૂર થઈને
મૈત્રીભાવ આવવો, તે જ ધર્મ માટેની પાત્રતા છે.

પુદ્ગલ સાથે ભેદ અને જીવ સાથે અભેદ -
એ બે ભાવો વિના મૈત્રી સિદ્ધ થતી નહિ.

વિવેકરત્નનાં ૪ પાસાં : મૈત્રી, પ્રમોદ, કરુણા, ઉપેક્ષા.

વિવેક એ આત્માથી જુદી વસ્તુ નથી.

સર્વ પ્રત્યેની મૈત્રી = જિન પ્રત્યેનો પ્રમોદ.

જિન પ્રત્યેનો પ્રમોદ = સર્વ પ્રત્યેની મૈત્રી.

મૈત્ર્યાદિ ભાવનાઓની સક્રિયતા એટલે હિતચિંતનની ગુણાધિકની શક્ય સેવા, દુઃખાધિકને શક્ય સહાય તથા પાપાધિકને પાપરહિત બનાવવાનો શક્ય પ્રયાસ.

મૈત્રીના આલંબનમાં અજ્ઞાન મિથ્યાત્વજન્ય આશ્રવ છે, જીવતત્ત્વની શ્રદ્ધાનો આલંબન છે.

કરુણાના આલંબનમાં દુઃખ તથા દુષ્કૃતની અનુમોદના છે.

માધ્યસ્થના આલંબનમાં કર્મ અને તેના વિપાકના જ્ઞાન અને શ્રદ્ધાનો આલંબન છે.

વસ્તુના ઉત્પાદ અને વ્યયનો વિચાર

વસ્તુના ધ્રૌવ્યનો વિચાર માધ્યસ્થ ભાવને પુષ્ટ કરે છે.

માધ્યસ્થ એ ચારે ભાવનાથી ઉત્પન્ન થયેલ એક ઉત્તમ ચિત્તપ્રસાદાત્મક અવસ્થા છે.

ભગવાને મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય વિચારની objective ભાવના ધર્મસહાયક કહી નથી.

મૈત્રી એ મનોયોગ નહિ પરંતુ મનોવૃત્તિ છે.

આ ૧૪ રાજલોકના સર્વ જીવ પ્રત્યેના સમભાવ એ મૈત્રીભાવ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે.

કરુણા, મૈત્રી આદિ ગુણવાળા સત્પુરુષોના સતત સંસર્ગથી મનને વિષયવૃત્તિથી નિર્મુક્ત કરી શકાય છે.

કુટિલ સ્વાર્થમય વિચારોથી મુક્ત થવાને માટે મૈત્ર્યાદિ ભાવના અત્યન્ત-અત્યન્તરૂપે ઊંડા સતત જરૂરી છે, કેમકે મૈત્રી આદિ ભાવના વિવેકરત્નનાં પાસાં છે.

સર્વ પ્રત્યે શત્રુભાવ અને ઉદાસીનભાવ ઘટીને મૈત્રીભાવ આવવો, તે જ ધર્મ માટેની પાત્રતા છે.

સર્વ પ્રત્યેની મૈત્રી અનુભવાવી, તે જ જિન પ્રત્યેનો પ્રમોદ છે અને તે પ્રમોદ જ સર્વ પ્રત્યેની મૈત્રી છે.

પચ્ચક્ખાણ વિના અવિરતિનો આસ્રવ નથી, મૈત્ર્યાદિ વિના મિથ્યાત્વનો આસ્રવ રોકી શકાતો નથી.

'વિશ્વમાત્ર જીવ પાપ ન કરો, દુઃખી ન થાઓ અને
બધા જીવો કર્મબંધનથી મુક્ત થાઓ.'

મૈત્રીભાવનામાં આ વિચાર હોવાથી પાપ, દુઃખ અને કર્મની અનુમતિનો આશ્રવ રોકાઈ જાય છે, અન્યથા એ આશ્રવ ચાલુ રહે છે તથા પાપ વગેરેની અનુમતિ 'निषिद्धं अनुमतं ।' ન્યાયથી ચાલુ રહે છે અને એ જ મિથ્યાત્વમોહ અથવા મહામોહ છે.

જેવી જેની દૃષ્ટિ, તેવી તેની સૃષ્ટિ.

વીર ભગવાનની દૃષ્ટિ મૈત્રીમય હતી, તેથી જ તેમને ગૌતમ અને ગોશાલક - બન્ને પ્રત્યે સમાન ભાવ હતો.

કુદરતના અસીમ સામર્થ્યની ઉગ્રતા, અસીમ કરુણાની આર્દ્રતા અને અસીમ માંગલ્યની મહાનતા વિચારવા.

દેવની કરુણા, ગુરુની કરુણા, શાસ્ત્રની કરુણા વગેરે આત્માની કરુણાને ઓળખાવવા માટે જ છે.

સર્વાધિક કરુણા આત્મતત્ત્વની છે, તેને ઓળખાવનાર દેવ-ગુરુ-શાસ્ત્રાદિ હોવાથી તે બધાં પરમ ઉપાદેય છે.

## ધર્મધ્યાનનાં ચાર પાયા

મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ્ય છે.

ઘાતીકર્મરહિત તે અરિહંત, આઠ કર્મરહિત તે સિદ્ધ,
પંચાશ્રવરહિત તે સાધુ અને ૧૮ પાપસ્થાનરહિત તે ધર્મ.

જેમ માણસને શારીરિક ભૂખ અન્નની, માનસિક
ભૂખ કીર્તિની અને આધ્યાત્મિક ભૂખ પ્રેમની છે, તેમ
અંતરાત્માને મૈત્રીની ભૂખ છે.

'મને કોઈ પ્રેમ આપે અને હું કોઈને પ્રેમ આપું'
એ માણસની મોટામાં મોટી ભૂખ છે. તેને સંતોષવા માટે
મૈત્રી, કરુણા અને પ્રેમ - એ ત્રણેની જરૂર છે.
મૈત્રીથી ક્રોધ, કરુણાથી કામ અને પ્રેમથી લોભ -
એ ત્રણ જે નરકનાં દ્વાર છે, તે જીતાય.

સૌથી શ્રેષ્ઠ સિદ્ધિ કરુણા છે.

કષાય ભાવો જીતવાનું સાચું સામર્થ્ય કરુણામાં છે.
સ્થિરતામાં મુખ્ય હેતુ મૈત્ર્યાદિ ભાવોનો અભ્યાસ છે.
'સંસાર ભવરૂપ છે' એ વિચાર મૈત્રી - વાત્સલ્ય આપે.

સિદ્ધોનું સ્મરણ થતાંની સાથે જ તેઓ
પોતાનું કલ્યાણમય કાર્ય કરવા તત્પર બને છે.
આ સિદ્ધશિલામાં અનાદિકાળ માટે રહેલાં
સિદ્ધોનું ચૈતન્ય આપણાથી દૂર નથી.
કલ્યાણનો વિનિયોગ સ્મૃતિ વડે નિરંતર થતો રહે છે.

મધુર પરિણામ મૈત્રીરૂપ હોવાથી
શત્રુ - મિત્ર પ્રત્યે તટસ્થતાને ધારણ કરે છે,
તુલા પરિણામ માધ્યસ્થ્ય રૂપ હોવાથી
સુખ - દુઃખ પ્રત્યે તટસ્થતાને ધારણ કરે છે અને
ખીર-ખાંડયુક્ત પરિણામ પ્રમોદ અને કરુણારૂપ હોવાથી
નિર્ગુણ - અવગુણી બન્ને પ્રત્યે તટસ્થ છે.

મૈત્રી = પોતાના જેટલું જ બીજા જીવોનું હિતચિંતન.
પ્રમોદ = સ્વગુણ જેટલો જ બીજાના ગુણોનો આદર.
કરુણા = સ્વદુઃખ જેટલું જ પરદુઃખોનું અવગાહન.
માધ્યસ્થ્ય = પોતાના અવગુણ જેટલું જ
બીજાના અવગુણો પ્રત્યે પણ માધ્યસ્થ્ય.

## ૩ નાડી અને ૪ ભાવનાની વિભાવના

(૧) સુષુમ્ણા - જિજ્ઞાસા - કરૂણા (૨) ઈડા - મૈત્રી ભાવ
(૩) પિંગલા - પ્રમોદ તથા માધ્યસ્થભાવ અર્થાત્
જીવગત કરૂણાનું પરમાત્મગત કરૂણા સાથે મિલન.

પહેલા હીનોત્કૃષ્ટ અવસ્થા
એ કર્મકૃત હોઈને માધ્યસ્થને યોગ્ય છે.
માધ્યસ્થમાં પ્રાપ્ત જીવો અને પુદ્ગલોની નિર્ગુણતા
પ્રત્યે મધ્યસ્થતા ભાવવાની રહે છે, જ્યારે
પ્રમોદ, કરૂણા અને મૈત્રીમાં ભાવના
ગુણ, દોષ અને હિતની આત્મતુલ્યતા ભાવવાની છે.
સુબુદ્ધિ - બોધ અને સમતા - સમાધિ પ્રગટ કરવા માટે
મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ જરૂરી છે. તે ભાવનાથી
સમ્યક્ત્વ પ્રગટે છે અને પ્રકર્ષતા બાદ સ્થિર રહે છે.

## શુભ કોને કહેવાય ?

સરળ સ્વભાવ, વિનયી વર્તવું, ઇન્દ્રિયનો સંતોષ અને
સર્વત્ર મૈત્રી કરવી, તે શુભ છે.

## મૈત્રીભાવનાનાં ચાર પ્રકાર

(1) મોહમૈત્રી : સ્ત્રી, પુત્ર, ધન, ભોગ આદિની પ્રીતિ.

(2) શુભમૈત્રી : ઉપકારી અને સ્વજન આદિ પ્રત્યે પ્રીતિ - ભક્તિ તથા ઉત્તમ કાર્યોમાં ચૈતન્ય અનુભવવું તે.

(3) શુદ્ધ સાધન મૈત્રી : દેવ - ગુરુ - ધર્મ તથા રત્નત્રયનાં સર્વે સાધનો પ્રત્યે પરમ ભક્તિ અનુભવવી તે.

(4) શુદ્ધ મૈત્રી : અનંત જ્ઞાન - દર્શનાદિ આત્મગુણો સાથે મૈત્રી તથા ચૈતન્યનો સતત અનુભવ કરવો તે.

## પ્રમોદભાવનાનાં ચાર પ્રકાર

(1) મોહજન્ય હર્ષ:

સ્વપરના ભોગોપભોગની પ્રાપ્તિમાં આનંદ અનુભવવો તે.

(2) શુભ હર્ષ: દાન, કુટુંબ, સેવા, ન્યાયનીતિ ઉપરાંત સદ્વિદ્યાદિની સ્વપરને પ્રાપ્તિમાં આનંદ અનુભવવો તે.

(3) શુદ્ધ સાધન હર્ષ:

સ્વપરને રત્નત્રયની પ્રાપ્તિમાં આનંદ અનુભવવો તે.

(4) શુદ્ધ હર્ષ : નિજ આત્મિક સુખમાં લીનતાનો હર્ષ.

## કરુણાભાવનાનાં ચાર પ્રકાર

(1) મોહજન્ય કરુણા : સ્વપરને ભોગોપભોગ, ધન, વૈભવ, સ્તુતિ આદિ પ્રાપ્ત ન થવામાં દુઃખનો અનુભવ.

(2) શુભ કરુણા : શારીરિક ઉપરાંત માનસિક પીડાથી દુઃખી દેખીને કરુણા ઉદ્ભવવા - અનુભવવા તે.

(3) શુદ્ધ સાધન કરુણા : અજ્ઞાન, મિથ્યાત્વ, કષાય, વિષયથી સ્વપરને સદા અનંત દુઃખી ભાળીને સંયમ અને જ્ઞાનાદિ ગુણોને પ્રગટ કરવા - કરાવવા રૂપ કરુણા.

(4) શુદ્ધ કરુણા : સ્વસ્વભાવ - આત્મસ્વરૂપમાં લીન રહેવું. જ્ઞાનાદિ આત્મગુણોની મલિનતાને જ દુઃખનો રોગ ભાળીને પોતાના આત્મગુણોની શુદ્ધિ કરવી તે.

## માધ્યસ્થભાવનાનાં ચાર પ્રકાર

(1) મોહજન્ય માધ્યસ્થ (સમભાવ):
લજ્જા, ભય, સ્વાર્થ, લોભ, અજ્ઞાનવશ શાંતિ રાખવી.

(2) શુભ સમભાવ : ધૈર્ય, સહનશીલતા, ગુણાનુરાગ, ગંભીરતાદિકના ગુણ વડે...

કલહ, કુસંપ, વેરભાવ - વિરોધભાવનાં નુકસાનનો વિચાર કરીને સમભાવ ધરવો તે.

(3) શુદ્ધિ સાધન સમભાવ:

'રાગ - દ્વેષ કરવાથી ભાવહિંસા થાય છે. હું પુદ્ગલના ધર્મોથી રહિત છું અને અનંત ચતુષ્ટયનો ધણી છું' એ વિચાર વડે સમભાવ ધારણ કરવો તે.

(4) શુદ્ધ સમભાવ: 'જીવો પ્રત્યે પરમ સમરસીભાવ, વીતરાગભાવ અને સમભાવ એ મારો સ્વભાવ છે. આત્મદૃષ્ટિએ હું નિર્વિકાર છું, શા માટે રાગ-દ્વેષ કરું?' એમ વિચારી સમભાવમાં લીન રહે તે.

પહેલો મોહજન્ય ભેદ કર્મબંધમાં રાખે છે, બીજો શુભ ભેદ બાહ્યસુખ - પુણ્યપ્રાપ્તિમાં કારણ છે, ત્રીજો શુદ્ધિ સાધન ભેદ ઉભય લોકમાં બાહ્ય - આંતર બંને પ્રકારના સુખ અને કર્મની નિર્જરામાં કારણ છે અને ચોથો શુદ્ધ નામનો ભેદ ઉભય લોકમાં પરમ સુખદાયી અને મોક્ષપ્રાપ્તિમાં કારણ છે.

## નિગોદમાંથી બહાર નીકળવા સિદ્ધ ભગવંતોનો ઉપકાર

સિદ્ધ ભગવંતો નિગોદમાંથી જીવને બહાર કાઢે છે, પછી ઊંચે આવવાનું કાર્ય પણ તેઓ દ્વારા જ થાય છે.

ગુણાધિકને જોઈ જીવને પ્રમોદ થાય છે.

તે પ્રમોદ જોઈ ગુણાધિકના હૃદયમાં કરુણા જાગે છે. આમ ઉત્તરોત્તર એક જીવને બીજા જીવની સહાયથી ઊંચે આવવાનું થાય, જે તેને મુક્તિપર્યંત પહોંચાડે છે.

મુક્તિમાર્ગ ઉપર રહેલા જીવને પૂર્વે તે માર્ગ ઉપર રહેલાની સહાય મળે છે, આમ જીવો પરસ્પર ઉપકારનું નિમિત્ત બનીને ઊંચે આવ્યા કરે છે. જો કોઈપણ જીવ દયાળુ હોત જ નહીં અથવા દયાળુ હોત પણ દયાને પાત્ર કોઈ જીવ જ હોત નહીં, દયાને પાત્ર હોત પણ માધ્યસ્થ્યને પાત્ર કોઈ હોત નહીં, તો

પરસ્પર કોણ કોના ઉપર ઉપકાર કરત?

અગર કોણ કોના અનુગ્રહ - નિગ્રહ અને તેના પરિણામે

કરુણા - માધ્યસ્થ્ય કે પ્રમોદને પાત્ર બનત?

ગુણાધિક જીવો પ્રમોદના પાત્ર બનીને,
દુઃખાધિક જીવો કરૂણાના પાત્ર બનીને અને
પાપાધિક જીવો માધ્યસ્થ્યના પાત્ર બનીને
જીવોની આધ્યાત્મિક ઉત્ક્રાંતિમાં સહાયક બને છે.
સમગ્ર જીવરાશિ પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમ અને
નિષ્કારણ કરૂણામાંથી જે રીતે પ્રકાશ વધે છે,
તે વિશ્વમાં શાંતિ અને સમૃદ્ધિ લાવે છે. શાંતિને
લાવવાનો એક જ માર્ગ છે અને તે છે વિશ્વપ્રેમ.

શ્રાવકના ઉભયકાળ આવશ્યકમાં
પુનઃ પુનઃ ઘોષણા કરવામાં આવે છે કે:
'સર્વે જીવો સાથે મારે મૈત્રી છે, સર્વ જીવો મારા
સહાયક છે, તેથી મારે કોઈની સાથે વૈર કે વિરોધ નથી.
મિત્રસ્થાનીય તે જીવો પ્રત્યે મને મન, વચન, કાયાથી
કોઈપણ જાતનો દુર્ભાવ આવ્યો હોય, તો તે જીવો મને
ક્ષમા આપો અને તે જીવો પણ વૈરવિરોધના ભાવથી
રહિત બનીને મુક્તિમાર્ગના આરાધક થાઓ.'

## નિષ્કરુણતા તે જ અહંકાર છે.

કરુણા વિનાનો જીવાદિ તત્ત્વોનો સ્વીકાર યથાર્થ નથી.

કરુણાનો અભાવ એટલે સામા આત્મામાં રહેલ જીવતત્ત્વનો ઇન્કાર કે અપલાપ, જે મહામોહનું મૂળ છે. ગુણસ્થાનકની શરૂઆત જ કરુણાથી છે. ગુણ = કરુણા. તેના ચૌદ સ્થાનકો છે. યોગનિરોધ વખતની કરુણા એ લોકોત્તર અને સિદ્ધ અવસ્થાની [illegible] છે.

## કરુણાભાવનો અભાવ તે ભાવહિંસા છે.

જીવના દુઃખને જોઈને જો એ દુઃખના સંવેદનરૂપ કરુણા ન જાગે, તો એ નિષ્કરુણતા છે. આવી નિષ્કરુણતાને ધરાવનાર, ભાવથી સર્વ જીવોનો હિંસક છે. જો કરુણા - પરદુઃખસંવેદન ન જાગે, તો રૌદ્રપરિણામ છે. પારકાના દુઃખથી અનભિજ્ઞ આનંદને કેવી રીતે આપશે? અન્ય કયા પદાર્થથી ભાવઅહિંસાનો અર્થ નીકળી શકે?

## દેવ અને ગુરુ મૈત્રીયુક્ત છે, ધર્મ મૈત્રીમય છે.

સમ્યક્ત્વ એ મૈત્રી અને તદ્યુક્તતામાં શ્રદ્ધા રૂપ છે.

જિનેશ્વરને જે જિન ન માને,

તે તેમને પરમ કલ્યાણમિત્ર કેમ કહી શકે ?

મૈત્રીભાવ તે અદ્વૈત મત, પ્રમોદભાવ તે વિશિષ્ટાદ્વૈત મત,
કરુણા તે તથાગત મત, માધ્યસ્થ્યભાવ તે દિગંબર મત
અને ભાવચતુષ્ટય રૂપ જે અનેકાંત તે જ જિનમત.
ચિત્તપ્રસાદ એ પરમ માધ્યસ્થ્ય છે. ધર્મમાત્ર પ્રત્યે
વલણ કરુણા છે, એથી એનું પ્રત્યેક સ્થાને વર્ણન
કરવાનું હોય નહિ, તેમ મૈત્રીના વિષયમાં પણ સમજવું.

જિનાગમોમાં મૈત્ર્યાદિનું વર્ણન ઓછું કેમ?

આગમોની રચના પ્રાયઃ સર્વવિરતિધરો માટે છે,
તેમાં સમકીત માટેની વસ્તુ,
જે મૈત્ર્યાદિ છે, તેનું વર્ણન ઓછું જ હોવું સંભવે.
આગમો અહિંસામય હોવાથી મૈત્રીમય જ છે.
જેમાં શુદ્ધ મૈત્રી ન હોય, તે આગમ અપ્રમાણ છે.
મૈત્રીના સ્થાને 'અહિંસા' શબ્દ જિનાગમોમાં વ્યાપક છે.
૯ તત્ત્વ અને અહિંસા એક જ છે.

'આરાધકયોગ' એટલે ગુરુ - લઘુ વિશાળ અને
મૈત્ર્યાદિ ભાવોનું પ્રતિબિંબન - સંચાલન - સંવેદન.
તીર્થંકરોની જનની કરુણા છે અને
કરુણાની જનની સર્વ જીવોનાં ઘોર દુઃખ છે.
'પ્રભુની ભૂલ એ જ આત્માની ભૂલ પણ
આત્માની ભૂલ એ પ્રભુભૂલ નહિ' એ ન્યાયે
પરમૈત્રી અને સ્વમૈત્રી,
પરપ્રમોદ અને સ્વપ્રમોદ, પરકરુણા અને સ્વકરુણા
અને પરદોષોપેક્ષા અને સાચું માધ્યસ્થ્ય છે.
પરમૈત્રી વિના સ્વમૈત્રી/સ્વહિત સાધી શકાતું નહિ.
૪ ભાવનાનો પથવિસ્તાર : મૈત્રીમાં વ્યાપક બનવાનું છે.
પ્રમોદ - ભક્તિમાં નીચેથી ઉપર જવાનું છે = Ascent.
કરુણામાં ઉપરથી નીચે જવાનું છે = Descent.
Ascent and Descent of Consciousness.
માધ્યસ્થ્ય ભાવનામાં સ્થિર રહેવાનું છે.
અધ્યાત્મ પણ મૈત્ર્યાદિ ભાવોને મહત્ત્વ આપે જ છે.

'એક લાખ નવકારના વિધિપૂર્વક જાપથી
જિનનામ કર્મ બંધાય છે' તેનો રહસ્યાર્થ એ છે કે:
નવકાર મંત્ર વડે સમસ્ત જીવરાશિ સાથે
મૈત્રીનો - સ્નેહપરિણામનો વિસ્તાર થાય છે.

સમત્વની સાધના માટે મૈત્ર્યાદિ ભાવોની ઉપયોગિતા છે.
ગુણવાનને જોઈને પ્રમોદ, અધિક ગુણવાનની મૈત્રી,
હીનગુણી પ્રત્યે કરુણા તથા
અતિ નિકૃષ્ટ જીવો માધ્યસ્થભાવનું આલંબન બને છે.
એ રીતે ભાવોનું આદાનપ્રદાન ચાલુ જ છે.
કરુણાની ભાવના એ કરુણા લેનાર અને દેનાર -
ઉભય માટે આશીર્વાદ સમાન છે.

'યોગશતક'ના શ્લોકમાં અવિનીતો ઉપર માધ્યસ્થ્ય
રાખવાનું કહ્યું છે, સર્વ જીવો ઉપર તો મૈત્રી જ કરી છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અનેક કારણોથી થઈ શકે છે પણ
પ્રાપ્ત થયાં પછી સમ્યગ્દૃષ્ટિ જીવને મંદ મિથ્યાત્વની
દશામાં જ જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ પ્રકટ થાય છે.

**મૈત્ર્યાદિ ચાર ભાવો કષાયની મંદતા વિના ન સંભવે.**

કષાયની મંદતાદિ રાગાદિને પ્રશસ્તપણું અર્પે છે અને નિમિત્તાનુસાર ચાર ભાવ રૂપે પ્રકટ થાય છે. કષાયની મંદતાદિ એ જ ભાવોને પેદા થવાની યોગ્યતારૂપ ભૂમિકા પેદા કરે છે, એટલે પછી જીવને જ્યારે પણ પરવિષયક વિચારણા પેદા થાય, ત્યારે ત્યારે આ ભાવો ઉત્પન્ન થાય,

એ સિવાયના કાળે અનુત્પન્ન રૂપે રહે છે.

આ જ ભાવોના કારણે મનોયોગ શુભ બને છે.

**મૈત્રી, પ્રમોદ, કરુણા તથા માધ્યસ્થ્યના આ ભાવો સાક્ષાત્ અથવા પરંપરાએ સ્વપરને ઉપકારક થાય છે.**

મૈત્ર્યાદિ ભાવો ક્ષયોપશમરૂપ - સામ્યરૂપ બની

શુભ - શુદ્ધ યોગરૂપ ધર્મમાં હેતુ બને છે.

મૈત્ર્યાદિ ભાવોને ધર્મના લક્ષણમાં વિશેષણ તરીકે કહેલ છે, તે અવ્યભિચારી છે. મૈત્ર્યાદિનું સંવેદન ન હોય, તેવા અનુષ્ઠાનને આત્માનુભવશૂન્ય કહેલ છે. મૈત્ર્યાદિ ભાવોને ધર્મકલ્પવૃક્ષના મૂળ તરીકે પણ કહેલ છે.

## યોગનું પહેલું અંગ અદ્વેષ છે.

પહેલાં ભવ પ્રત્યે દ્વેષ જવો જોઈએ, જે મૈત્રીથી જાય,
પછી વૈરાગ્ય વડે રાગ દૂર કરી શકાય છે.

## ધર્મ = ચાર કષાયની પ્રતિપક્ષ ભાવના.

ક્રોધની પ્રતિપક્ષ ભાવના મૈત્રી છે,
લોભની પ્રતિપક્ષ ભાવના સર્વ માટેનો લોભ છે. તેમાં
એક બાજુ પ્રમોદ અને બીજી બાજુ કરુણા છે.
એ બે ની શક્યતા જ્યાં ન હોય, ત્યાં માધ્યસ્થ્ય છે
અને માધ્યસ્થ્ય એ જ અંતિમ સમાધાન છે.

## અહિંસા એટલે જ મૈત્રી.

મૈત્રી - સ્નેહભાવ એ દિલમાં અમૃતવૃષ્ટિનું કાર્ય કરે છે.
વૈર - વિરોધ એ વિષવર્ષા છે, જ્યારે
મૈત્રી એ સદ્ગુણોની જનની યા સોનાની છે.
અમૈત્રી એ દોષ અને દુર્ગુણોની નાયિકા છે.
મૈત્રી અન્યાયને પણ સહે, અમૈત્રી ન્યાયને ય અવગણે.
યોગ અને મૈત્ર્યાદિ ભાવો વડે અધ્યાત્મ સધાય છે.

## પરમાત્મદર્શનનો રસ શેનાથી નિવૃત્ત થાય ?

મનની અતૃપ્તિ અને ઇંદ્રિયોની ક્ષુધાને સંતોષવા માટે મૈત્રી - મુદિતાદિની ભાવનાઓ અતિ આવશ્યક છે. 'જે વસ્તુ પોતાને માટે ઇચ્છે છે, તે બધા સર્વને મળો અને જે પોતાને અનિષ્ટ છે, તે કોઈને પણ ન મળો' એ વિચાર જ આપણા મનને તૃપ્ત કરી દે છે અને ઇંદ્રિયો દ્વારા તે બધાને સહાયક થવા પ્રયત્ન કરે છે. મૈત્ર્યાદિ ભાવો વડે મન - ઇંદ્રિયોની ક્ષુધા - તૃષા શમ્યાં બાદ ઘણું ધ્યાન અનુકૂળ બની શકે છે. મન અને ઇંદ્રિયો માત્ર સાધનથી જીતી શકાતાં નથી, તેને જીતવા માટે ભાવની આવશ્યકતા છે અને તે ભાવ બીજો કોઈ નહિ પણ પોતા માટે છે, તેવો જ બધા માટે અથવા તેથી પણ અધિક પ્રભુ અને પ્રભુપરાયણ વ્યક્તિઓ માટે હોવો ઘટે. ભાવનાથી મન અને ઇંદ્રિયો સંતોષાય છે. વિષયોનો રસ પરમાત્મદર્શનના રસથી નિવૃત્ત થાય છે, જે મહાત્માઓની કરુણા અને મૈત્રીથી સંતોષાય છે.

## 'સ્નેહ' શબ્દની પરિભાષા

પરમાત્મા સાથે સ્નેહ બાંધવાની પ્રથમ શરત
જીવાત્માઓ પ્રત્યે સ્નેહ બાંધવાની છે.

'સ્નેહ' શબ્દ ભક્તિની સાથે કરુણા, માધ્યસ્થ્ય અને
મૈત્રીની ભાવના સાથે સંકળાયેલો છે.

અર્વાચીન જીવનપદ્ધતિ ભ્રષ્ટાચારને પોષે છે. પ્રાચીન
જીવનપદ્ધતિ કેવી સુંદર હતી, તે વિચારવા જેવું છે.

ગૃહસ્થવર્ગોમાં પરસ્પર વિદ્વેષ તથા સાધુવર્ગોમાં
મૈત્રીભાવનો વિરહ શ્રીસંઘને અતિનુકસાન કરી રહેલ છે.

અધ્યાત્મ દ્વારા આત્મશક્તિને વધારવા પ્રયત્ન કરવો.

થોડી પણ કરુણા પ્રકટ થવી, તે
આંશિક આત્મલાભનો નમૂનો છે. વ્યાપક આત્મલાભ
સૌને વિશ્વના સુખ-દુઃખના સહભાગી બનાવશે.
'આપણે બધા એક જ છીએ, ભિન્ન ભિન્ન આકાર
દેખાવા છતાં વસ્તુ એક જ છે' એવી સાચી અનુભૂતિ
વ્યાપક થવી જોઈએ, ત્યારે અહિંસા પૂર્ણ બને છે.

અનેકાન્તભાવનાજનિત તત્ત્વજ્ઞાન તે મૈત્ર્યાદિ ભાવોનું તથા એ ભાવો યમ-નિયમાદિ અનુષ્ઠાનોનું કારણ છે.

અનુષ્ઠાનોથી ચિત્તસ્થિરતા સધાય છે અને મૈત્ર્યાદિ શુભ ભાવોથી વૃત્તિનિરોધ થાય છે.

વૈરાગ્ય એ મૈત્ર્યાદિ ભાવોનું જ અપર નામ છે. મૈત્ર્યાદિ વડે પ્રથમ તીવ્ર કષાયો પર વિજય મળે છે અને પછી યમ-નિયમાદિ અનુષ્ઠાનોના યથાવિધિપાલન વડે શેષ કષાયો નષ્ટ થાય છે. મૈત્ર્યાદિ ભાવોને જ જીવનમાં સુદૃઢ બનાવવાના ઉપાયો યમાદિ અનુષ્ઠાનો છે. બધાના મૂળમાં આત્મૌપમ્ય ભાવ કે આત્મસમદર્શિત્વ ગુણ જ ધર્મ અને યોગમાં પ્રાણ પૂરી રહેલ હોય છે. યોગનિરોધની અવસ્થા એ લોકોત્તર કરુણા છે અને સિદ્ધની અવસ્થાની અવસ્થા તે લોકોત્તમ કરુણા છે. કરુણા કે કમ્પ્રેક્ષા = પરને દુઃખી જોઈ દુઃખી થવું.

છતાં કામ કરવાની કરુણાથી જ કરુણા વધે છે, સમાનતા મત્સરમૂલક નહિ પણ કરુણામૂલક જોઈએ.

મૈત્ર્યાદિની સર્વ અવસ્થાઓમાં મન ઉચ્ચ દશામાં રહે છે.

વક્રતા અને વિરોધનું શમન મૈત્રી - પ્રમોદાદિ ભાવો છે.

આત્માનુમાન મૈત્ર્યાદિ ભાવોનું સંવેદન કરાવે છે અને ગુણ - દોષોમાં ગુરુ - લાઘવનું વિજ્ઞાન ઉત્પન્ન કરે છે.

સર્વે મહાપુરુષો એવી ભાવના નિરંતર કરે છે કે:

સર્વ જીવો પાપરહિત, દુઃખરહિત અને કર્મરહિત બનો અને તે માટે અહિંસા, સંયમ અને તપના આરાધક બનો.

તે ભાવનાનું નામ 'મૈત્રીભાવના' છે.

ધર્મના મૂળમાં મૈત્રી અર્થાત્ સંતપુરુષોના હૃદયમાં સર્વે જીવો માટે પ્રેમ છે તથા એની અભિવ્યક્તિ 'પાપરહિત, દુઃખરહિત અને કર્મરહિત બનો' એવી ભાવનામાં છે.

અંતરાત્માને મૈત્રી - કરુણા - પ્રશમની ભૂખ છે, જ્યારે બહિરાત્માને કામ - ક્રોધ - લોભની ભૂખ છે.

સૌથી મોટી સિદ્ધિ 'કરુણા' છે.

તેનો જ વિનિયોગ તીર્થંકરો ધર્મોપદેશ દ્વારા કરે છે.

ભક્તિહીન નરકમાં, મૈત્રીહીન જીવો તિર્યંચમાં ભટકે છે.

જેમ વિરતિ પૂર્વે વિરક્તિ જોઈએ,
તેમ ભક્તિ પૂર્વે મૈત્રી અવશ્ય જોઈએ.

નવકારનો સાર કરુણા છે.

જ્ઞાનાદિ ત્રણ, દાનાદિ ચાર, પંચાચાર કે ક્રિયા વગેરે
દશ ધર્મનો સાર કરુણા છે.

કરુણામાં જીવાદિ તત્ત્વોના સંબંધનો સ્વીકાર છે.

કરુણાવંત પંચ પરમેષ્ઠિ ભગવંતો
આપણા પરમ કલ્યાણમિત્રના સ્થાને છે.

મૈત્ર્યાદિથી પુષ્ટ અને ક્ષાન્ત્યાદિથી શુદ્ધ થયેલ ધર્મ
જીવતત્ત્વના આદર વડે પુદ્ગલનો વિરાગ = નિર્વેદ તથા
મોક્ષનો રાગ = સંવેગ કેળવે અને
તે બે ગુણો અનુક્રમે સાનુબંધ બનીને
નિર્વેદ વડે વીતરાગતા અને સર્વજ્ઞતાને પુષ્ટ કરે છે.
આત્માનું સ્વરૂપ શુદ્ધ સંવેગ વડે સર્વજ્ઞ બને, વીતરાગ
હોવાથી મૈત્ર્યાદિ અને ક્ષાન્ત્યાદિ તેના કારણ બને છે.

## ચૈતન્યનું ચૈતન્ય પ્રત્યે સંવેદન

મૈત્રી, મુદિતા, કરૂણા, માધ્યસ્થ્ય રૂપે હોય છે.
એ એક પ્રકારનો આધ્યાત્મિક સંબંધ છે.
જે પ્રવૃત્તિની સાથે આધ્યાત્મિક સંવેદન છે,
તે પ્રવૃત્તિ તો નિવૃત્તિથી પણ શ્રેષ્ઠ છે.

તુલાપરિણામ એટલે...

રાગ-દ્વેષના હેતુઓ વખતે પણ રાગ-દ્વેષ ન થવા દેવા તે.
મધુરપરિણામ તે મૈત્રી, તુલાપરિણામ તે માધ્યસ્થ્ય છે.
કરૂણા અને પ્રમોદ તે ખીરખાંડયુક્ત પરિણામ છે.
તેમાં બીજાનાં દુઃખ પ્રત્યે રતિ અને બીજાનાં સુખ પ્રત્યે
ઈર્ષ્યા નહિ, કિન્તુ કરૂણા અને પ્રમોદનો ભાવ છે.
કરૂણા તે દુઃખરૂપી દાળમાં મીઠું (નિમક) છે અને
પ્રમોદ તે સુખરૂપી ખીરમાં ખાંડ છે અથવા
ગુણીના ગુણના જ્ઞાનના પક્ષપાતરૂપી ખાંડનો પ્રક્ષેપ છે.
ક્રિયા અને જ્ઞાન - બંને આત્મગુણ હોવાથી બંને પ્રત્યે
સમાન આદરનો ભાવ તે પણ ખીરખાંડયુક્ત પરિણામ છે.

મૈત્રી - કરુણા - પ્રમોદ અને માધ્યસ્થના ૪ પ્રકારો:

(૧) મૈત્રી = પરના સુખની વિચારણા.

(a) ઉપકાર મૈત્રી - અહીં તેવા ચિન્તવના હોય છે કે:
'પોતાના ઉપર ઉપકાર કરનાર સુખી રહો.'

(b) સ્વકીય મૈત્રી - પોતાના સગાસંબંધીની ચિન્તવના.

(c) સ્વપ્રતિપન્ન મૈત્રી - આશ્રિત નોકરાદિની ચિન્તવના.

(d) સામાન્ય મૈત્રી - 'સર્વ જીવો સુખી રહો' ચિન્તવના.

(૨) કરુણા = દુઃખનો નાશ કરવાની ભાવના.

(a) મોહકરુણા - માંદાને કુપથ્ય દઈને તથા રાગવાસનાવાળાને રાગની સામગ્રી દઈને તેના દુઃખ દૂર કરવાની ભાવના.

(b) દુઃખીકરુણા - દુઃખીના દ્રવ્યદુઃખ દૂર કરવાની ભાવના.

(c) સંવેગકરુણા - સૌના ભાવદુઃખ દૂર કરવાની ભાવના.

(d) સ્વભાવકરુણા - જીવમાત્રને કર્મમુક્ત કરાવવાની ભાવના.

(3) પ્રમોદ = બીજાનો ઉત્કર્ષ જોઈને હર્ષ અનુભવવો.

(a) આપાતરમ્ય સુખપ્રમોદ - આપત્તિમાં સમતાનો હર્ષ.

(b) સહેતુક સુખપ્રમોદ - શુભ આશય થકી થતો આનંદ.

(c) અનુબંધહેતુ સુખપ્રમોદ - ધર્મીને જોઈને થતો આનંદ.

(d) પરમ સુખપ્રમોદ - મોક્ષનાથ આદિ જેમના ક્ષાયિક પ્રાપ્ત કર્યું અવ્યાબાધ સુખ જોઈને મનમાં થતો આનંદ.

(૪) માધ્યસ્થ્ય = ઉપેક્ષા કે ઉદાસીનતા.

(a) કરૂણા ઉપેક્ષા - અપથ્ય આહારનું સેવન કરનારને રોકી ન શકાય, અસાધ્ય માનીને કરાતી ઉપેક્ષા.

(b) અનુબંધ ઉપેક્ષા - ભવિષ્યમાં મળી શકનારા લાભની અપેક્ષાએ કરાતી વર્તમાન લાભની ઉપેક્ષા.

(c) નિર્વેદ ઉપેક્ષા - સંસારસુખને દુઃખ માની કરાતી ઉપેક્ષા.

(d) તત્ત્વચિંતન ઉપેક્ષા - તત્ત્વજ્ઞાનના બળે સંસારની ઉપેક્ષા.

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યાદિ ભાવો પરમાર્થ સ્વરૂપ છે, તેથી મોક્ષનો માર્ગ છે.

જપથી ભાવમૈત્રી પ્રાપ્ત થાય. તેનું ફળ સ્નેહપરિણામ.
જપ એ ભક્તિનો એક પ્રકાર છે, તેમાં મૈત્રી, માધ્યસ્થ્ય તથા કરૂણા છૂપાયેલાં છે. નામસ્મરણ વડે કામ, ક્રોધ, લોભનો નાશ થઈ મૈત્રી, માધ્યસ્થ્ય, કારુણ્ય પ્રગટે છે.

## ઔચિત્યપાલનનો મહિમા ॐ ષોડશક ૧૩, શ્લો. ૯,૧૦

સર્વ ગુણોમાં ઔચિત્યનું પાલન એ મુખ્ય ગુણ છે.

તે ઔચિત્ય મૈત્ર્યાદિ ભાવોને અનુસરે છે.

જીવમાત્ર પ્રત્યે મૈત્રી, ગુણીજન ઉપર પ્રમોદ,
દુઃખી જીવ પ્રત્યે કરુણા, પાપી જીવો પ્રત્યે માધ્યસ્થ્યવૃત્તિ
ધરતી સ્યાદ્વાદ દૃષ્ટિ ઔચિત્યના પાલનનું જ પરિણામ છે.

અહિંસા એ સક્રિય મૈત્રી, સંયમ એ સક્રિય વૈરાગ્ય
અને તપ એ સક્રિય અનાસક્તિ છે.

ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા, અસૂયા અનુક્રમે મૈત્રી, કરુણા, મુદિતા અને માધ્યસ્થ્ય વડે જીતાય. ક્રોધ - દ્રોહ આદિ સંક્લેશ સ્વરૂપ છે, જ્યારે મૈત્રી - મુદિતા વિશુદ્ધિસ્વરૂપ છે. મૈત્ર્યાદિ ભાવોના અભ્યાસથી સજાતીય જીવદ્રવ્ય - સમગ્ર જીવરાશિ સાથે ઐક્યની અનુભૂતિરૂપી ભક્તિ અને તે વડે વિષયોની વિરક્તિ અને સમત્વની સિદ્ધિ થાય છે.

પ્રજ્ઞાપરાધ નિવારવા મૈત્ર્યાદિ ભાવનાઓનો અભ્યાસ સર્વોત્તમ સાધન છે, તેથી તે સંવર તત્ત્વ કહેવાય છે.

સાધર્મિક વાત્સલ્ય જિનનામકર્મનો હેતુ છે,
તેમાં પણ કરુણા મૈત્ર્યાદિ ભાવ લાવો છે.
ભક્તિ અને મૈત્રીના સ્વરૂપનો ભેદ જ મટી જાય છે.
સર્વવિરતિની અભિલાષા એ સમ્યક્ત્વસ્વરૂપ છે, તેથી
મૈત્રી - ભક્તિ - સમ્યગ્દર્શન સમાનાર્થક બની જાય છે.
માધ્યસ્થ્ય પાપી પ્રત્યે છે, જીવમાત્ર પ્રત્યે નહીં.
જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ જ હોય.
સિદ્ધમાં મૈત્ર્યાદિ સઘળાં ગુણો સ્વભાવરૂપે હોય છે.
સમ્યગ્દૃષ્ટિને સાધકદશામાં મૈત્રી, પ્રમોદ, કારુણ્યની
અને મિથ્યાદૃષ્ટિને બાલ્યાવસ્થામાં
જીવો પ્રત્યે શત્રુ, મિત્ર, ઔદાસીન્ય ભાવ રહેલો છે
અને તેથી અશુભ આસ્રવ થયાં કરે છે.
રાગ-દ્વેષ વગેરે ક્લેશોના પરિપાક માટે મૈત્ર્યાદિ ભાવના
રૂપ પ્રયત્નનું નામ 'વર્તમાન સંસારવૈરાગ્ય' છે અને
'વિષયો તારે આધીન છે પણ તું વિષયોને આધીન નહીં'
એવી બુદ્ધિ અને સમજ - તે 'વશીકાર સંસારવૈરાગ્ય' છે.

મૈત્રીથી માધ્યસ્થ્ય જળવાય, મૈત્રીથી પ્રમોદ તથા કારુણ્ય કેળવાય. સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામ એ મૈત્રી છે.
ધર્મના પ્રત્યેક અનુષ્ઠાન મૈત્ર્યાદિભાવને સિદ્ધ કરવાને છે.
ચૈતન્ય ઉપર મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યને છોડીને બીજો ભાવ ધારણ કરવો, તે પ્રત્યપરાધ છે.

જીવત્વ રૂપ પારિણામિક ભાવ ઉપર મૈત્રી,
અસિદ્ધત્વ રૂપ ઔદયિક ભાવ ઉપર કરુણા અને
માધ્યસ્થ્ય તથા જ્ઞાનાદિ ગુણરૂપ ક્ષાયોપશમિક - ક્ષાયિક
ભાવ ઉપર પ્રમોદ, તે સામાયિક ધર્મની સાધના છે.

સામ - મૈત્રી એ મધુર પરિણામ છે, તેથી
અહિંસાદિ આચારો અને ઔદાર્યાદિ ગુણો વિકસે છે.

સમ - માધ્યસ્થ્ય એ તુલા પરિણામ છે, તેથી
ક્ષમાદિ ધર્મો અને ઉપશમ આદિ ભાવો વિકસે છે.

સમ્મ એ ખીરખાંડયુક્ત પરિણામ છે, તેથી
જ્ઞાનાદિ આચારો, ઔચિત્ય - વિનયાદિ ગુણો તથા
કૃતજ્ઞતા - વિનીતતા - સજ્જનતા આદિ ભાવો વિકસે છે.

સમ્યક્ત્વની શુદ્ધિ માટે મૈત્ર્યાદિ ભાવનાઓ અને
ચારિત્રની શુદ્ધિ માટે વૈરાગ્ય આદિ ભાવનાઓ છે.

માતાનું બીજું નામ વાત્સલ્યરસ છે,

માતાને પુત્રના હિતની જ ચિન્તા હોય છે, તેને પુત્રના ગુણનો પ્રમોદ હોય છે, પુત્રના દુઃખની કરુણા હોય છે અને પોતાના પુત્રના દોષની ઉપેક્ષા હોય છે.

જીવરાશિ પ્રત્યે એ જાતિનો સ્નેહનો પરિણામ -
એ જ ચિત્તશુદ્ધિનું પ્રતીક છે.

કોઈની સાથે વૈર ન રાખવું, એ મૈત્રી છે.

'વૈર ન રાખવું' એટલે અહિતચિન્તનનો અભાવ.

મૈત્ર્યાદિ ભાવો ધર્મધ્યાનનું સ્થિરીકરણ કરે છે અને ક્ષમતા આદિ ધર્મો શુક્લધ્યાનનું આલંબન બને છે. શુક્લધ્યાનનું કારણ ધર્મધ્યાન છે, તે રીતે ક્ષાન્ત્યાદિ ધર્મોનું કારણ મૈત્ર્યાદિ ભાવો છે. મોક્ષમાં મૈત્ર્યાદિ ભાવો નથી, પરંતુ સર્વાનુગ્રાહક, પરાર્થરસિક એવો સ્વભાવ ત્યાં પ્રકટે છે, એ મૈત્ર્યાદિ ભાવોના પ્રકર્ષનું જ પરિણામ છે.

## આત્માની બે મોટી શક્તિઓ: મૌન અને મૈત્રી.

એ બન્ને આત્માની જબ્બરમાં જબ્બર શક્તિઓ છે.
'મૌન' એટલે કોઈની પાસે કાંઈ માગવું નહિ તથા
'મૈત્રી' એટલે સૌને આપણે આપવું.

## મૈત્રીભાવ છે શ્રેષ્ઠ ભાવ.

મૈત્ર્યાદિ ભાવનાઓ ધર્મની પ્રાપ્તિમાં સહાયક બને છે તથા પ્રાપ્તધર્મની આરાધનાને ઉજ્જ્વલ બનાવે છે. મૈત્રી આદિ ભાવનાઓથી રહિત શુદ્ધ ધર્મ સંભવી શકે નહીં, માટે ધર્મના અર્થીએ અને ધર્મના સાધકે મૈત્રી આદિ ભાવો માટે સદા પુરુષાર્થશીલ રહેવું જોઈએ.
જૈનશાસનની દરેક ક્રિયા મૈત્ર્યાદિ ભાવવાને માટે છે.
પ્રત્યેક ક્રિયામાં શિવમસ્તુ સર્વ જગતઃ ભાવ ભાવવાનો છે.
આ ભાવો ન આવે, તો અનાદિ કાળના જીવો પ્રત્યે વેરભાવનો ત્યાગ થઈ શકે નહીં.
વેરભાવ ચાલુ રહે તો રાગ-દ્વેષનો નાશ થઈ શકે નહીં.
મૈત્રી પુણ્યોત્પાદક છે, અહિંસા સાનોત્પાદક છે.

૪ ભાવનાનો સાર: (૧) સુખીની ઈર્ષાનો ત્યાગ તે મૈત્રી.
(૨) દુ:ખીની ઉપેક્ષાનો ત્યાગ તે કરુણા.
(૩) ગુણવાન પ્રત્યે પ્રદ્વેષનો ત્યાગ તે પ્રમોદ.
(૪) ધર્મહીન પ્રત્યે રાગ - દ્વેષનો ત્યાગ તે માધ્યસ્થ્ય.

પ્રમોદ ભાવનો વિષય 'ગુણાધિક' છે, આત્માધિક નહિ.

સિદ્ધ ભગવંતો કે વીતરાગ ભગવંતોમાં
જે 'કરુણા' કહેવાય છે, તે અચિન્ત્ય માહાત્મ્યરૂપ છે.

મૈત્ર્યાદિથી વાસિત ચિત્ત શુભ કર્મ બાંધે છે.

સંવરના ૫૭ ભેદોમાં જેમ અનિત્યત્વાદિ ભાવનાઓ
ગણાવાઈ છે, તેમ મૈત્રી આદિ ભાવનાઓ પણ છે જ.

હૃદયમાં પ્રાણીમાત્રના કલ્યાણની ભાવનાને
સદા માટે જાગ્રત રાખવાથી અહિંસાધર્મ વિકસે, વળી
વિશ્વકલ્યાણ તથા વિશ્વશાંતિની સ્થાપના થઈ શકે છે.

અભ્યાસ મૈત્રીનો અને વૈરાગ્ય વિષયોનો.

મૈત્રીના અભ્યાસથી દ્વેષાગ્નિ શાંત થાય છે તથા વિષયોના
વૈરાગ્યથી આત્મતત્ત્વ પ્રત્યે પ્રેમ જાગી રાગ ઓસરે છે.

પ્રતિમા દ્વારા વીતરાગની પૂજામાં જે પ્રયોજન છે:
એક તો તેમની ગેરહાજરીમાં કથંચિત્ હાજરીનો
આધ્યાત્મિક લાભ ઉઠાવવાનો હેતુ છે તથા બીજું તેમના
પ્રત્યક્ષ કે પરોક્ષ અનેક ઉપકારો વારસામાં મળ્યા છે,
તેની કૃતજ્ઞતા જતાવવાનો હેતુ છે. - પ્ર. જે. પારેખ

ઉપયોગની વિશુદ્ધિ મૈત્ર્યાદિ ભાવોમાં રહેલી છે અને
યોગની વિશુદ્ધિ અહિંસાદિના પાલનમાં રહેલી છે.
મૈત્ર્યાદિ ભાવથી શૂન્ય અહિંસાદિનું પાલન એકેન્દ્રિય
અવસ્થામાં પણ છે અને અહિંસાદિના પાલનથી શૂન્ય
મૈત્ર્યાદિ ભાવોનું અસ્તિત્વ અનુત્તરના દેવોમાં પણ છે.

જેના વડે જગતનું ભલું થાય,
એવો વિચાર કરનાર જ વિચારવંત ગણાય.

ક્ષમાપના અને મૈત્રી માટે દુષ્કૃતની ગર્હા કરવી,
કૃતજ્ઞતા અને સ્તુતિ માટે સુકૃતાનુમોદન કરવું.
ક્ષમાપના = મૈત્રી, કૃતજ્ઞતા = પ્રશંસા - પ્રમોદભાવના,
શરણાગતિ = અભેદાનુભૂતિ - કરુણા, માધ્યસ્થ્ય.

કૃતજ્ઞતા આવવાથી જ ભક્તિ વાસ્તવિક બને છે અને
પરમાત્માના અનુગ્રહના વાસ્તવિક ભાજન થવાય છે.

પરપીડાનું પ્રાયશ્ચિત પશ્ચાતાપ છે અને
પરગુણનો આભાર નમસ્કાર છે.

પોતે બીજાને કરેલી પીડાને જાણવી અને
બીજાએ કરેલા ઉપકારને જાણવો, તે કૃતજ્ઞતા છે.
તે કૃતજ્ઞતા ગુણમાંથી એક બાજુ પરોપકાર અને
બીજી બાજુ નમસ્કાર ધર્મની ઉત્પત્તિ થાય છે.

પશ્ચાતાપ એક પ્રકારે દાન છે.

લેણદારને પોતાનું દેવું ચૂકવવાને પ્રતિચિંત આપવું,
તેનું નામ પરને ઉપકાર છે.

ઋણમુક્તિ એ કર્મમુક્તિ છે.

એક ઋણ ઉપકાર લેવાથી - બીજું ઋણ અપકારથી.
ઋણમુક્તિ એ કૃતજ્ઞતા અને પરોપકારની કૃતિ છે.
ઉપકાર પ્રત્યે કૃતજ્ઞભાવ અને અપકાર પ્રત્યે
ઉપકૃતિનો ભાવ આવ્યા વિના ઉભય ઋણમુક્તિ નથી.

બોધો - કોઈક જીવોને રત્નત્રયનું છૂટે હાથે દાન કરનાર પરમ દાતારનું સન્માન એ કૃતજ્ઞ જીવોનું કર્તવ્ય છે.

કૃતજ્ઞતા એ પાત્રતા કેળવવાનું
અને યોગ્યતા વિકસાવવાનું પ્રથમ સોપાન છે.
જેઓ ઉપકારીઓ પ્રત્યે નિરંતર કૃતજ્ઞતાભાવ દર્શાવે છે,
તેઓ આ ભવાટવીમાં સુરક્ષિત રહે છે.
કૃતજ્ઞતા ગુણ તેમને જ્યાં જાય, ત્યાં ઉત્તમ
આત્માઓનો સમાગમ કરાવી આપે છે અને તેમના
વાત્સલ્યના સાચા અધિકારી બનાવે છે.
કૃતજ્ઞતાભાવ વડે સત્પુરુષોની સંગતિને યોગ્ય
શુભ પુણ્યનું અર્જન અવશ્ય થાય છે, તેથી
પરમેષ્ઠિ નમસ્કાર એ કૃતજ્ઞતા ગુણનું પાલન છે અને
સર્વ દાનોમાં સર્વ શ્રેષ્ઠ એવું સન્માનનું દાન છે.
કૃપણતાનો નાશ કૃતજ્ઞતાથી છે અને કૃતજ્ઞતાનું પાલન
સર્વશ્રેષ્ઠ દાતારોને સન્માનનું દાન દેવાથી થાય છે.
પરમેષ્ઠિ નમસ્કારમાં કૃતજ્ઞતાનો ભાવ રહેલો છે.

'ધર્મ'નો અર્થ દૂધરૂપે દાન, સ્વાદરૂપે પુણ્ય,
ઘીરૂપે પરોપકાર અને આત્મારૂપે પરમાત્મા છે.
<u>મહાવાક્યાર્થ</u>: ધર્મ એ પરોપકારજન્ય પુણ્ય આપે છે.
<u>ઐદંપર્યાર્થ</u>: પરોપકારમય પરમાત્માનું આજ્ઞાપાલન છે.
જે બાળકોને માટે જીવે તે જીવતાં શીખ્યો,
બાળકોનું કામ કર્યું એટલે પોતાનું કામ કર્યું,
બાળકોનું કલ્યાણ સાધ્યું એટલે સ્વનું કલ્યાણ સાધ્યું.
જે એ પ્રમાણે જીવે, તેનું જીવન ધન્ય-સફળ-કૃતાર્થ છે,
'જીવનની સાર્થકતા સેવામાં, સ્વાર્થત્યાગમાં અને
બાળકોને સુખી બનાવવામાં છે.'
આટલી વાત સૌ કોઈ સમજી શકે છે અને
સમજીને પોતાનું જીવન ધન્ય બનાવી શકે છે.
પરોપકાર = પવિત્ર કૃતિ, દાન, દયા, શીલ, તપ.
<u>પરોપકાર એટલે સ્વોન્નતિ, પરસેવા એટલે આત્મસાધના.</u>
મૈત્રી - મુદિતા - કૃતજ્ઞતા એ હૃદયની વૃત્તિઓ છે,
બુદ્ધિની ત્યાં પહોંચ નહિ.

કૃતજ્ઞતા અને પરોપકાર પહેલાં નમસ્કાર જોઈએ.
કૃતઘ્નતા = બુદ્ધિની સંકુચિતતા, કૃતજ્ઞતા = વિશાળતા.
કૃતજ્ઞતા એ બીજરૂપ છે, પરોપકાર એ અવતાર છે.
બીજરૂપ એ તત્ત્વ છે, અવતાર એ તીર્થ છે.

આત્મસ્નાન બાદ આત્મલબ્ધિ માટે
કૃતજ્ઞતા રૂપી કલ્પવૃક્ષની જરૂર પડે છે.

સુકૃતાનુમોદન રૂપી કૃતજ્ઞતા Imagination
& Visualisation દ્વારા આત્માની ઈર્ષ્યા ભાંગે છે.

'પરની તારે શી પડી છે?'
અહિત કરનાર તો સમકિતમાં જ નહિ.

સર્વ જીવોને પોતાના આત્મા જેવો ગણનાર મનુષ્ય
પાપકર્મ બાંધે નહીં. તે નહીં બાંધવાનું મુખ્ય સાધન
જગતના જીવોને પોતાના આત્મા જેવા ગણવા એ જ છે.
સર્વ ભૂતોને સમ્યક્ પ્રકારે જાણવા, આશ્રવોને રોકવા
તથા મન અને પાંચે ઈન્દ્રિયોને સંયમમાં રાખવા, તે
સર્વ જીવોને આત્મસમ ગણવામાં મદદગાર થાય છે.

તીર્થંકરોની અનુકંપા પરોપકાર પ્રધાન દૃષ્ટિવાળી હોય છે.
'હું આ બધાને શાસનપ્રકાશ આપવા દ્વારા અજ્ઞાન અને
મોહના અંધકારમાંથી ઉદ્ધાર કરનારો થાઉં'
આવા પરોપકાર દૃષ્ટિના ધ્યેયથી કરાતી સાધનાને
કારણે જ તેઓ તીર્થંકર ગોત્ર ઉપાર્જન કરે છે.
અરિહંત, સિદ્ધ આદિ સ્થાનકોની આરાધના
પરોપકાર પ્રધાનતાની દૃષ્ટિએ હોય છે. તેઓની વૃત્તિ
અને પ્રવૃત્તિ - ઉભયમાં પરોપકાર પ્રધાન હોય છે.
તેઓ માટે ૧૪ રાજલોકમાં હોય તે, સમગુણી-હીનગુણી
કે અધિકગુણી, તમામ જીવ મૈત્રીભાવનાનો વિષય છે.
જેનામાં મૈત્રીભાવના હોય, તે જ જીવહિતની ચિંતા
સમકિતી ગણાય, જેનામાં તે ચિંતા ન હોય,
તે પોતાના હિતની ચિંતા પણ સમકિતી ન ગણાય.
મૈત્ર્યાદિ ૪ પરિણામ ભળીને ચાલે, તો જ ધર્મ થાય.
અનુષ્ઠાનમાત્રની સાથે આ ૪ પરિણામ જોડાયેલાં હોય,
તો જ તે શુદ્ધ ધર્મસ્વરૂપ બને.

તીર્થંકરો જન્મથી વિરક્ત છે, છતાં દીક્ષા લે છે,
તે પરીષહજય માટે છે, નહીં કે ગૃહસ્થપણાંમાં રહી
કેવળજ્ઞાન પામવાની તેમનામાં શક્તિ નહોતી માટે.
સૂર્ય જેમ કોઈપણ પ્રકારના ફળની ઇચ્છા સિવાય
માત્ર પ્રકાશ કરવાના સ્વભાવથી જ જગતમાં પ્રકાશ
કરે છે, તેમ તીર્થંકર ભગવંતો પોતાને ધર્મની પ્રાપ્તિ,
વૃદ્ધિ કે પ્રશંસાની અપેક્ષા રાખ્યા સિવાય તીર્થંકર નામ-
કર્મના ઉદયથી જ સ્વાભાવિકપણે શાસન પ્રવર્તાવવાની
ક્રિયા - ધર્મદેશનામાં પ્રવર્તે છે. પરીષહજય દ્વારા બાંધેલા
જિનનામકર્મનો ભોગવટો ભગવાનપણે ધર્મોપદેશ દેવા
વડે જ થાય છે. સમ્યગ્દર્શન થાય, ત્યારથી જીવની એ
સ્થિતિ હોય કે 'મને ન મળેલું હોય પણ બધાને મળો!'
મિથ્યાદર્શનશલ્ય ગયું, ત્યારથી એક જ ભાવના હોય કે
કોઈ પાપ ન કરો, દુઃખ ન પામો, કર્મમાત્રથી મુક્ત બનો!
જગતના જીવોનું ઇષ્ટ ચિંતવતાં અને ઇષ્ટ કરતાં
તેથી આગળ વધે છે, જીવમાત્રની મંગલભાવના હોય છે.

કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની પાછળ પણ તેમનું ધ્યેય
જગતના લોકોએ સાચા તત્ત્વો સમજાવવાનું હોય છે.
અનેક જન્મોથી આત્માની પરોપકાર વૃત્તિ અને
પરિપક્વ પ્રવૃત્તિ હોય, તેઓ જ તીર્થંકર થઈ શકે.

'ધર્મનું તેજ હોવા છતાં દુનિયાના જીવો
અધર્મના ઘોર અંધકારમાં કેમ ભટકી રહ્યાં છે?'

આવા વિચારવાળા તીર્થંકરોને વરબોધિ પ્રાપ્ત હોય છે.
પરોપકારીપણું એ સ્ફીત - ઉદાર આશયવાળું છે.
બીજાનું હિત તે પોતાનું જ હિત છે. આખા જગતનું
હિત વિચાર્યું, તેમાં પોતાના આત્માનું હિત આવી જ ગયું.
'બીજાનું હિત કેમ થાય?' એવો વિચાર આવ્યો,
એટલે ધર્મનો પ્રથમ પાયો કે પ્રથમ પગથિયું શરૂ થયું.
'બીજાના દુઃખ દૂર થાઓ' એ વિચાર બીજો પાયો છે.
બીજાના સુખમાં ઈર્ષા નહિ પણ સંતોષ તે ત્રીજું પગથિયું
તથા રોજ પ્રયત્ન કરવા છતાં પ્રયત્નનું ફળ ન મળે,
ત્યારે માધ્યસ્થ્ય રહેવું, તે ચોથું પગથિયું છે.

પ્રયત્નની સફળતા કે નિષ્ફળતા બંનેમાં સમપરિણામ રહે,
ત્યારે સમજવું કે તે કાર્ય પરોપકાર માટે થયું છે.
હિત કરવા જતાં સફળતા ન મળે, ત્યારે માધ્યસ્થ્ય
રહેવું સૌથી કઠિન છે. બાળની હિતબુદ્ધિ, દુઃખનાશની
બુદ્ધિ તથા સુખમાં સંતોષની બુદ્ધિ રહેવી હજુ સહેલી છે
પણ હિત કરવા જતાં સફળતા ન મળે,
ત્યારે શાન્ત રહેવું અઘરું છે.

આ ચાર વૃત્તિવાળું અનુષ્ઠાન - પછી તે દાન હો,
દેવપૂજન હો, ગુરુભક્તિ હો... વગેરે ધર્મરૂપ થાય.
એ વિના ધર્મ કરે, તો પણ ધર્મ ન થાય.

બાળના હિતની કિંમત સમજતો હોય,
તે જ આત્મા પ્રમોદભાવમાં રહી શકે.
પ્રમોદભાવનામાં સ્વગુણાધિક કે સર્વગુણાધિક જ હોય
એમ નહિ, પરન્તુ ગુણાધિક તો જોઈએ જ.
તે કારણે આચાર્યપદને પામેલાં પણ
સરસ્વતી યા સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવીઓની સ્તુતિ કરે છે.

ગણધરો પણ પાંચે પરમેષ્ઠિઓને નમે છે, તે ગુણાધિકને ઉદ્દેશીને પ્રમોદ છે. સ્વગુણાધિક લેવા જાઓ, તો પંચ પરમેષ્ઠિને નમસ્કારની અવસ્થા ઊડી જાય.

શાસનની સ્થાપના મોહમલ્લને હણવા માટે છે. જ્યાં લશ્કરીઓ મોહમલ્લની સાથે ઝૂઝી રહ્યાં છે, તેમાં કોઈ ભવ્ય જીવ તેને હણનારો થાય, ત્યારે દરેક ભવ્યને આનંદ આવે, તેનું નામ પ્રમોદભાવના છે.

'બીજાના દુઃખે પોતે સુખી' અને 'બીજાના સુખે પોતે દુઃખી' તે ઈર્ષાભાવનો અવળા પ્રકારે ફોટો છે.

ઈર્ષાને દેશવટો દેવો, તે પ્રમોદભાવનું કાર્ય છે.

બીજાના દુઃખમાં દુઃખી થવું જેટલું જરૂરી છે, તેટલું બીજાના સુખમાં સંતોષી થવું પણ જરૂરી છે.

બીજાના હિતની ચિંતા ત્રણ પ્રકારની છે:
(૧) કોઈપણ જીવ પાપ ન કરો. (૨) પાપ કર્યું હોય, તો તેને શુભ પરિણામથી તોડી દુઃખી ન થાઓ. (૩) સૌ પાપ-દુઃખથી મુક્ત થઈ ચિદાનંદસ્વરૂપ મુક્તિસુખને પ્રાપ્ત કરો.

વ્યવહારનય નિમિત્તને પ્રધાનતા આપે છે,
તેથી તેનો પાયો કૃતજ્ઞતા ગુણ છે.

નિમિત્તને પ્રધાન માનવાથી ઉપાદાનમાં યોગ્યતા પ્રગટે છે
અને ઉપાદાનને પ્રધાન માનવાથી નિમિત્ત ખેંચાઈ આવે છે.

નિશ્ચયનય ઉપાદાનને મુખ્યતા આપે છે, તેથી
તેનો પાયો સ્વતંત્રતા ગુણ છે, તેને ધ્યેયમાં રાખીને
કૃતજ્ઞતાનું પાલન કરવું, એ સ્યાદ્વાદનું અનુસરણ છે.

કર્મોદયાનુસાર નિમિત્તો ઉભાં થાય છે,
તેમાં હિતકારક નિમિત્તો તો ઉપકારક છે જ.
તેનો સ્વીકાર ન કરીએ, તો કૃતઘ્નતા આવે છે
અને તે તો ગુણોનો મોટામાં મોટો તિરોભાવ છે.
વળી અહિત કરનારા નિમિત્તોને ઉપકારક બનાવવાથી
અધ્યવસાયની વિશુદ્ધિ વધી કર્મોની નિર્જરા થાય છે.

કૃતઘ્નતા રૂપી મહાદોષને નિવારવાનું અનન્ય સાધન
અને કૃતજ્ઞતા રૂપી મહાગુણને વિકસાવવાનું
અદ્વિતીય આરાધન માત્ર એક નમસ્કાર મહામંત્ર છે.

**કૃતજ્ઞ હૃદય એ સૌથી મોટો સદ્ગુણ છે.**

આ વિશ્વ પણ એક વિરાટ શરીર છે.

જેમ શરીરના પ્રત્યેક અંગ જો પરસ્પર ઘૃણા કરે, તો
અવ્યવસ્થા ફેલાય તેમ વિશ્વ પણ એક વિરાટ શરીર છે,
તેમાં પણ એક વ્યવસ્થિત વ્યવસ્થા છે.

કોઈ વસ્તુ કે વ્યક્તિ તરફ ઘૃણા કરવાનો અર્થ એ છે કે
તે વ્યવસ્થાને ખરાબ માનવી અથવા તો
બીજા શબ્દોમાં વિશ્વવ્યવસ્થાનું અપમાન કરવું.

પરોપકારની બુદ્ધિવાળો હોય, તે દયાવાન અવશ્ય હોય.

જે પ્રસન્ન, દયાળુ, મધુરભાષી, પરોપકૃતિપરાયણ હોય,
તે બધાને વંદનીય, વાંછનીય અને પ્રિય બની જાય છે.

**દેવ - નરકગતિમાં ગર્ભાધાન ન હોવાથી**
**ત્યાં વિરતિધર્મ માટેની યોગ્યતા આવતી નથી.**

માતા - પિતાદિ ન હોવાથી વાત્સલ્ય મળતું નથી,
તેથી પૂજ્યભાવ અને કૃતજ્ઞતા ગુણની સિદ્ધિ થતી નથી.

કૃતજ્ઞતા ગુણ સુકૃતની તાત્ત્વિક અનુમોદના રૂપ છે.

કૃતજ્ઞતા ગુણનો પ્રકર્ષ : નામ લેવા માત્રથી પાપનો નાશ,
પૂજા કરવા માત્રથી સદ્ગતિનો લાભ તથા
ધ્યાન કરવા માત્રથી મોક્ષ કે સ્વરૂપનો લાભ થાય છે.
ગૌતમ મહારાજ દ્વારા થયેલાં ઉપકારની પાછળ પણ
ભાવના તો વીર ભગવાનની જ કાર્ય કરતી હતી.
વિશ્વમાં જે કોઈ જીવોનું કલ્યાણ થાય છે,
તે ભલે તે વ્યક્તિ દ્વારા થતું દેખાય, તો પણ તેની
પાછળ મુખ્ય હેતુ તો તીર્થંકર ભગવાનની
વિશ્વકલ્યાણ માટેની ભાવના જ રહેલી છે.
તીર્થંકર દેવોના આત્મામાં પ્રગટ થતી
ભાવનાના ઉપકાર તળે આવ્યા વિના
કોઈપણ જીવનું આત્યંતિક કલ્યાણ થતું નથી, તેથી તેઓ
વિશ્વનાથ, વિશ્વબંધુ અને વિશ્વત્રાતા કહેવાય છે.
આપણા પ્રત્યે શુભભાવના આપનારને આપણે
જાણીએ કે ન જાણીએ, ઓળખીએ કે ન ઓળખીએ,
તો ય તેમના પ્રત્યે કૃતજ્ઞ રહેવું, તે પરમ કર્તવ્ય છે.

# પરોપકાર - શ્રેષ્ઠ સાધના

પરોપકાર એ સજ્જનનો સ્વભાવ છે, પ્રકૃતિ છે.
પરોપકાર કરવો, પ્રિય હિતકારી વચન બોલવા અને
સાચો સ્નેહ રાખવો, એ સજ્જનના મુખ્ય લક્ષણો છે.

ચંદ્રને ઉજ્જવળ કોણે કર્યો ?
સૂર્ય કોના કહેવાથી અંધકાર હરે છે ?
ઝાડને કોણે વિનંતિ કરી કે છાયા આપો ?
મેઘ પાસે કોણે માંગણી કરી કે જળ વરસાવો ?

કોઈની પણ પ્રાર્થના વિના પરોપકારનું કાર્ય કરવા
એ બધા તત્પર છે. તેમનો સ્વભાવ જ પરોપકાર છે.
જે પરોપકાર કરતાં નથી, તેના જન્મથી શું ?
પરોપકારમાં ધર્મની, સદ્ગુરુની તથા મોક્ષની સાધના છે.

## પરોપકારમય મૈત્રીની વ્યાખ્યા છે:

પરહિતચિન્તા યા સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામ.

ધર્મનું સ્પષ્ટ સ્વરૂપ એટલે મૈત્રીભાવનો વિસ્તાર,
પરોપકારનું સર્જન તથા તે બે વડે શાન્તિનું પોષણ.

લેવામાં અમાસનો અંધકાર છે અને
આપવામાં પૂનમની ચાંદનીની પરમ શીતળતા છે.

એક દિવસ માટે પણ બીજાના આનંદ કે સુખ માટે
જીવન જીવી જુઓ, તમે કંઈક જુદા જ બની જશો.

તમે તમારું જીવન તમારા માટે જીવવાનું ત્યજી દો.
કાં તો તમારા જીવનને પ્રભુના ચરણે સમર્પિત કરી દો
અથવા લોકાનુગ્રહ માટે જીવન કટિબદ્ધ કરી દો.
આ બે માર્ગે જ તમે તમારા મનની કોઈ
અણુમાત્ર જગ્યાને ખાલીખમ લાગશે નહિ.
આ નહિ હોય તો પ્રભુસ્મરણ, સંતોષ, સત્કર્મ, તપ,
ત્યાગ કે સત્સંગ પણ ચિત્તને શાંતિ નહિ આપી શકે.

એ વિદ્વાનનો મત છે કે:
'પાપ સ્વાપકારરૂપ છે અને તે પરાપકારમાં પરિણમે છે.'

એ વ્યવહારનો મત છે કે:
'પરાપકાર એ પાપ છે અને પરોપકાર એ પુણ્ય છે.'
આમ ધર્મ સ્વોપકારરૂપ છે, જે પરોપકારમાં પરિણમે છે.

જે જીવોનું હિતચિન્તન થાય છે, તે જીવોના નિમિત્તે
હિતચિન્તન કરનારને મહાન ગુણ થાય છે.
તે ગુણની અનુમોદના બહુ સુકૃતની અનુમોદનાનો જ
એક પ્રકાર છે, તેથી કૃતજ્ઞતા ગુણ પુષ્ટ થાય છે.
ગુણમાં નિમિત્ત બનનાર પ્રત્યે બહુ જ્યારે કૃતજ્ઞતા
ગુણ આવિર્ભાવ પામે છે અને તેમાં નિષ્ઠાંતતા મળે છે,
ત્યારે તેથી અભાવ વધીને ગુણમાં ઉત્પાદક
બનનાર પ્રત્યે વિશિષ્ટ ભક્તિ ઉત્પન્ન થવા લાગે છે.
કૃતજ્ઞતાના પાયા ઉપર આ ભક્તિ આત્મસ્વરૂપમાં
લીન કરાવે છે, તેનું જ બીજું નામ 'શરણાગતિ' છે.
શરણાગતિ પરિપૂર્ણ નિર્ભયતાને અપાવનારી થાય છે.
કૃતઘ્નતા વડે પાપના અનુબંધો પડે છે અને
કૃતજ્ઞતા વડે પુણ્યના અનુબંધો પડે છે, તેથી
ધર્મમાર્ગમાં કૃતજ્ઞતાગુણનું પાલન અનિવાર્ય છે.
કૃતઘ્નતા એ ઘોર પાપ છે.
કૃતઘ્ન આત્માને કોઈપણ પ્રાયશ્ચિત્ત નથી.

## મૈત્રી, કૃતજ્ઞતા તથા અંતરંગ ભક્તિ

મૈત્રી વડે પાપપ્રતિઘાત થાય છે,
કૃતજ્ઞતા વડે ગુણબીજાધાન થાય છે અને
અંતરંગ ભક્તિ વડે નિર્ભયતા મળે છે.
મૈત્રી વડે અદ્વેષ, કૃતજ્ઞતા વડે અખેદ અને
ભક્તિ વડે અભયની પ્રાપ્તિ થાય છે.
મૈત્રી જીવમાત્ર પ્રત્યે સમતા ભાવ વિકસાવે છે,
તેથી તત્ત્વરુચિ રૂપ છે, કૃતજ્ઞતા તત્ત્વબોધ રૂપ છે.
શરણાગતિ રૂપ ભક્તિ તત્ત્વપરિણતિ રૂપ છે.
દુષ્કૃતની ગર્હાનો વિષય જ્યારે કૃતઘ્નતા રૂપી પાપ બને,
ત્યારે જ અંતઃકરણની શુદ્ધિ થાય છે.
કૃતઘ્નતા રૂપી પાપનો પ્રતિઘાત કરવા માટે
કૃતજ્ઞતા ગુણને વિકસાવવો, એ જ એક સાધન છે.
આત્મજ્ઞાન કરાવવા રૂપી અરિહંતોના ઉપકારની
અખંડ સ્મૃતિ રૂપી કૃતજ્ઞતા ગુણ સુકૃતની સાથે
અનુમોદના રૂપ બનીને સાથે શરણાગતિ આપે છે.

અભેદ રત્નત્રયીનો અનુભવ તે સાચી શરણાગતિ.

સાચી શરણાગતિ એટલે પોતાના આત્માને જ
દ્રવ્ય-ગુણ-પર્યાયથી અરિહંતરૂપે સમ્યગ્જ્ઞાનથી જાણવો,
સમ્યગ્દર્શનથી સદ્દહવો અને સમ્યગ્ચારિત્રથી અનુભવવો.
તેનો પુનઃ પુનઃ અભ્યાસ એ જ કૃતજ્ઞતાગુણનું પાલન છે
અને કૃતઘ્નતા દોષનો પરિહાર છે.

કૃતઘ્નતા રૂપી દુષ્કૃતથી છોડાવી, કૃતજ્ઞતા રૂપી સુકૃતમાં
જોડાવનાર અનુક્રમે દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદના છે.

## સ્વોપકાર પરોપકારને આધીન કઈ રીતે ?

દાન, શીલ, તપ અને ભાવ - એ અનુક્રમે ઉદારતા,
સદાચાર, સહિષ્ણુતા અને પરોપકારના પર્યાયો છે.
પરોપકાર એ ભાવધર્મ છે, એથી
ઉદારતા, સદાચાર અને સહિષ્ણુતાની પુષ્ટિ થાય છે.
જ્યાં પરોપકાર છે, ત્યાં ઉદારતા છે, ત્યાં સદાચાર છે
અને ત્યાં સહિષ્ણુતા પણ છે, તેથી સ્વોપકાર સધાય છે.
એ રીતે સ્વોપકાર એ પરોપકારને આધીન છે.

## દાન અને દયારૂપી દ્વારથી
## ધર્મનગરમાં સુખપૂર્વક પ્રવેશ થઈ શકે છે.

ખેડૂતને જેમ પોતાના દાણાનું ભૂમિને દાન અનિવાર્ય છે,
તેમ આત્મપ્રગતિ માટે પરોપકારની ક્રિયા અનિવાર્ય છે.
દાણા ભૂમિમાં નાંખ્યા પછી તેને માટીથી ઢાંકવો આવશ્યક છે,
તેમ પરોપકારની ક્રિયાને અપ્રકટ રાખવી આવશ્યક છે.
દાણા વાવવા ભૂમિ રસાળ - પણ ઉખર ન જોઈએ, તેમ
દયા, દાન, પરોપકારાદિ માટે ઉત્તમ પાત્રની જરૂરત છે.
ભૂમિ અને બીજની જેમ જલ - વાયુની અનુકૂળતા
પણ જરૂરી છે. આચાર (વિધિ) એ વાયુ છે અને
વિચાર (દાતાની ભાવના) એ જલના સ્થાને છે.
પ્રથમ લાભ પાત્રનું - બીજું લાભ દાનરૂપી બીજારોપણનું,
ત્રીજું આચાર - વિચારની વિશુદ્ધિરૂપી જલ - વાયુનું અને
ચોથું લાભ પ્રવૃત્તિની એકાગ્રતારૂપી આકાશનું છે.
અરિહંત ધ્યાને શુક્લધ્યાન સાંપડે, એ ઉપકારના બદલામાં
કૃતજ્ઞતારૂપે પણ તેમને નિત્ય વંદનાદિ કરવા જોઈએ.

## કૃતજ્ઞતા સૌરભ ...

Thanks giving = praise = gratitude.

કૃતજ્ઞતાથી Grace - અનુગ્રહ પ્રાપ્ત થાય છે.

ઉપકારકનું ભાન કૃતજ્ઞતા ગુણ છે.

તેના પાયા ઉપર જ વિશ્વાયતન ફળદાયી થાય છે.

જીવનના સર્વ પ્રકારના વિકાસમાં

મૈત્રી અને પરોપકારની અનિવાર્ય અગત્ય છે.

ઈર્ષ્યા, અભિમાન આદિ ઈશત્વના ગુણો નહિ પણ

પ્રેમ, પરોપકાર, દાન, દયા, શીલ, સંતોષ, તપ, જપ

ધ્યાન, ભાવનાદિ ઈશત્વને પ્રાપ્ત કરવાના ઉપાય છે.

## કેવા માનવ વંદનીય છે?

જેની લક્ષ્મી દાન માટે, વિદ્યા સુકૃત માટે, ચિંતન

પરબ્રહ્મના નિશ્ચય તથા વચનો પરોપકાર માટે છે,

જેનું મુખ પ્રસન્નતાનું ઘર, હૃદય દયાસહિત, વાણી

અમૃત વરસાવતી તથા ઈન્દ્રિયો પરોપકાર કરતી હોય,

અહીં લોકમાં તિલક સમાન તે વંદનીય છે.

મોક્ષમાર્ગનું આરાધન પ્રત્યેક જીવને કરવાનું છે.

તે આરાધનાથી સર્વ પાપનો અર્થાત્
સ્વાર્થ ભાવનાનો નાશ થાય છે અને સર્વ મંગળોમાં
પરોપકારભાવ રૂપ પ્રધાન મંગળની પ્રાપ્તિ થાય છે.

'ભવ્યત્વ' એટલે મુક્તિગમન યોગ્યત્વ -
તેનો વિકાસ એનું બીજું જ નામ પાત્રતા છે અર્થાત્
'પાત્રતા' એટલે કૃતજ્ઞતા અને 'કૃતજ્ઞતા' એટલે પાત્રતા
- એમ પરસ્પર અવિનાભાવ છે. કૃતજ્ઞતા ગુણની
ટોચને સ્પર્શ્યા વિના સ્વતંત્રતા પ્રાપ્ત થઈ શકતી નથી.
કૃતજ્ઞતા યાને પરનો અનુગ્રહ સ્વીકારવો. કૃતજ્ઞતાનો
ગુણ સ્પર્શ્યા વિના કૃતઘ્નતા દોષનું નિવારણ ન થાય.
'શત્રુ, મિત્ર કે ઉદાસીન - ત્રણે વર્ગ વડે હિત થઈ રહ્યું છે,
તેથી ત્રણે વર્ગ ઉપકારી છે' એવી બુદ્ધિ ઉત્પન્ન થયાં
સિવાય કૃતજ્ઞતા ગુણનો સ્પર્શ અધૂરો જ રહે છે,
તેટલી પાત્રતા - યોગ્યતા અર્ધવિકસિત રહે છે.

કૃતઘ્ન આત્માની નિષ્કૃતિ નથી.

દેશવિરતિ શ્રાવકના ૨૧ ગુણમાં

એક પરોપકાર ગુણ નથી, બાકી કૃતજ્ઞતા ગુણ છે.

વીતરાગનો ઉપકાર ન માની શકનાર

ગુણજ્ઞ પણ નહિ અને કૃતજ્ઞ પણ નહિ.

સ્વરૂપપ્રાપ્તિ રૂપી મુક્તિ તેને જ મળે, કે જે

સ્વભિન્ન વિશ્વને ઉપકારી માને, કૃતજ્ઞતા દ્વારા

તેના પ્રત્યે ઉપશમ ભાવને કેળવે, સંક્લેશરહિત બને.

સંક્લેશરહિત બનવાનો અનન્ય ઉપાય કૃતજ્ઞતાગુણ છે

અને વિશ્વમાત્ર પ્રત્યે તે વિકસવો જોઈએ.

જેઓ સર્વે નમનીય - ત્રૈલોક્યપૂજ્ય છે,

તેમનામાં રહેલા કૃતજ્ઞતા ગુણને પણ નમવું જોઈએ.

જેઓ નમનીય - ત્રૈલોક્યપૂજ્ય છે,

તેઓ સર્વને નમીને નમનીય બન્યાં છે,

સર્વ પ્રત્યે કૃતજ્ઞતા ગુણ કેળવીને પૂજ્ય થયાં છે, તેથી

તેમને ભાવથી નમસ્કાર તો જ થઈ શકે કે નમનારના

હૃદયમાં પણ સર્વ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ રહેલો હોય.

જો તું જિનમતને આરાધવાની ઇચ્છા હોય, તો
કૃતજ્ઞતાને મૂકીશ નહિ અને સ્વતંત્રતાને ભૂલીશ નહિ.
તેને સ્વીકારવા વડે જ તું ઋણમુક્ત થઈ શકીશ.

કર્મનું બંધન છે, ત્યાં સુધી ઋણ છે.
તે ઋણથી મુક્ત થવાનો ઉપાય કૃતજ્ઞતા ગુણ છે.

લૌકિક ઋણ માતા - પિતાદિ અને
ઉપલક્ષણથી સર્વ સંસારી જીવોનું છે.
લોકોત્તર ઋણ દેવ અને ગુરુનું છે તથા ઉપલક્ષણથી
મોક્ષમાર્ગને આરાધનાર સમ્યગ્દૃષ્ટિ જીવરાશિનું છે.

પર પ્રત્યેનું ઋણ કૃતજ્ઞતાથી વળે છે તથા
સ્વ પ્રત્યેનું ઋણ સ્વતંત્રતા ગુણથી ઉતરે છે.
પરતંત્રતાનું મૂળ પરપીડા અને કૃતઘ્નતા છે, તેનો નાશ
પરોપકાર અને કૃતજ્ઞતા ગુણના પાલન વડે શક્ય છે.
પરોપકાર પુણ્ય માટે અને પરપીડા પાપ માટે થાય છે.
પોતાની જાતને દીન - હીન - સર્વ વડે ઉપકૃત માને છે,
તે માનવી કૃતજ્ઞતા ગુણની ટોચે પહોંચે છે.

## <u>સુકૃતના બે પ્રકાર છે:</u>

એક પરોપકાર અને બીજો આત્મોપકાર.

## <u>પરોપકારના બે પ્રકાર છે:</u>

એક પરસામાન્યને ઉપકાર, બીજો પરવિશિષ્ટને ઉપકાર.

'પરવિશિષ્ટ' એટલે ઉપકારી વર્ગ.

## <u>સર્વનો ઉપકાર - શિવમસ્તુ સર્વ જગતઃ ।</u>

આ ભાવના જગતના સર્વ જીવોનું કલ્યાણ ઈચ્છે છે. એ ભાવના ભાવનારનું કલ્યાણ અવશ્ય થાય છે. તેમાં જગતના સર્વ જીવો નિમિત્ત - કારણ બને છે. નિમિત્ત રૂપે સર્વ જીવો ભાવના કરનારના એકાંતે ઉપકારી બને છે. ભાવના કરનાર જગતના જીવોનો સંદિગ્ધ ઉપકાર કરે છે પણ જે જીવોવિષયક ભાવના કરવામાં આવે છે, તે જીવો તો ભાવના કરનારના અસંદિગ્ધપણે ઉપકારી બને છે. આમ તે મુમુક્ષુ જીવને સર્વ જીવો ઉપકારી છે, એ નિરૂપણ સત્ય કરે છે.

Oblige even those who curse you.

## કેવા પ્રકારના દાનનું કેવું ફળ?

સામે જઈને દાન કરવું, તે કોટિ ગુણું ફળ આપે છે,
ઘેર આવેલાને દાન કરવાથી લાખ ગુણું ફળ આપે છે,
જે માંગે, તેને દાન કરવાથી હજાર ગુણું ફળ મળે છે,
સેવા કરાવીને દાન આપવાથી સામાન્ય ફળ મળે છે.

કરૂણાળુ જીવ પ્રત્યે જેટલી કૃતજ્ઞતા બતાવીશું,
તેટલી દૈવી કરૂણા નીચે ઉતરશે.
આ Law of Grace and gratitude છે.

## પરોપકારાદિ કર્તવ્ય કેમ?

નિજહિતને ભૂલીને નહિ, કિન્તુ નિજહિત સાધવા માટે પરોપકારાદિ કર્તવ્ય છે. પરોપકાર કરવાના સંજોગો કે સામગ્રી ન હોય, તો પણ પરોપકાર વૃત્તિ - વૃત્તિમાં પરોપકાર કરવાના પરિણામ તો અવશ્ય હોવા જોઈએ. નિજહિતનું પરમ સાધન પરોપકાર છે. તેને સમાધિ, શ્રુત અને શીલનું પ્રધાન, અવશ્ય ફળદાયી બીજ કહ્યું છે. પરોપકાર વિષે અભિનિવેશ યા આગ્રહ રાખવો જ.

## પરોપકારનું વિશેષ વિવેચન

'યોગદૃષ્ટિ'ના શ્લોક ૧૫૨/૨માં કહ્યું છે,
તેમાં વડીલ વર્ગ અને તપસ્વી મુનિ વગેરે
પૂજ્યવર્ગની સેવા સાથે અત્યંત પાપી જીવોની
અનુકંપા સુધીનું એવું કાર્યક્ષેત્ર જણાવી
અંતે 'ધર્મોઽયમુત્તમઃ ।' કહી ઉપસંહાર કર્યો છે.
'નિજહિત સાધવાનું પરમ કારણ પરોપકાર છે'
એમ શાસ્ત્રકારો ભારપૂર્વક ફરમાવે છે.
'નિજહિતને ભૂલીને પરોપકારાદિમાં પ્રવૃત્ત થવાનું વિધાન
જૈનશાસનમાં નથી, પરન્તુ નિજહિતને સાધવા માટે
પરોપકારાદિ કરવાનું વિધાન જૈનશાસનમાં અવશ્ય છે.'
આ વાતથી જૈનશાસનની સ્યાદ્વાદતા જળવાઈ રહે છે.
પરહિતને ભૂલીને આત્મહિતની સાધના અશક્ય છે.
સાધુનું ભિક્ષાટનાદિ સર્વ અનુષ્ઠાન પરાર્થકરણરૂપ છે.
પરહિતચિંતનાદિ આત્મહિતને સાનુબંધ બનાવનારા છે.
નિરનુબંધ આત્મહિત અંતિમ કલ્યાણ કેવી રીતે કરી શકે?

'परोपकारः सततं विधेयः न स्वोपकाराद् भिद्यते तत् ।'

અર્થાત્ : પરોપકાર સતત કરવો જોઈએ,

સ્વોપકારથી પરોપકાર જરા ય જુદો નથી.

આ શ્લોક પરોપકારની અત્યંત ઉપાદેયતા જણાવે છે. ધર્મકલ્પવૃક્ષના મૂળ તરીકે મૈત્ર્યાદિ ભાવો કહેવામાં આવ્યા, એ જણાવે છે કે પરહિતથી નિરપેક્ષ સ્વહિત કેવી રીતે હોય? આત્મહિત ભૂલીને પરહિત કરવાનું નથી, તેમ પરહિતની ઉપેક્ષા કરીને અથવા તો તેને અનાવશ્યક ગણીને અગર તો તેની કાળજી રાખ્યાં વિના

આત્મહિત પણ સાધી શકાતું નથી.

વ્યવહારશુદ્ધિ માટે કૃતજ્ઞતા અને પરોપકાર -

બે મહાન ગુણનું પાલન આવશ્યક છે.

કૃતજ્ઞતા ગુણથી પ્રમોદ ભાવ જળવાય છે અને

પરોપકાર ગુણથી કરુણા ભાવ સચવાય છે.

ભાવશુદ્ધિ માટે આત્મૌપમ્ય તથા પરમાત્મૌપમ્ય જરૂરી છે,

જે અનુક્રમે મૈત્રી તથા માધ્યસ્થના પોષક છે.

જેમ Mt. Everestના આરોહકો ક્રમિકરૂપે ધપે, તેમ
જીવનમાં સાધનાના ઊંચા ચઢાણ માટે પૂર્ણ તૈયારીઓ
થઈ રહી હોય, તેવી રીતે જીવન જીવવું જોઈએ, તો
કૃતજ્ઞતા, તેજસ્વિતા તથા આનંદમયતા અનુભવાય.
અહિંસા વડે મૈત્રીભાવની, કૃતજ્ઞતા વડે પ્રમોદભાવની
અનેકાન્ત વડે માધ્યસ્થભાવની અને
પરોપકૃતિ વડે કરુણાભાવની રક્ષા થાય છે.

મૈત્રીભાવ આત્માના હૃદયનું પરિવર્તન કરે છે,
મૈત્રીભાવથી જીવ અનેક જીવોને આલંબનરૂપ બનાય.
મૈત્રીભાવયુક્ત પરમેષ્ઠિઓ પ્રત્યે વિશિષ્ટ સદ્ભાવ
પરમ શુભ અધ્યવસાયોનું કારણ બને છે. સ્વોપકારમાં
પરોપકાર સમાય પણ પરોપકારમાં સ્વોપકારની ભજના છે.
સ્વોપકાર કષાયના ઉપશમમાં છે, ઉપશમ મૈત્રીરૂપ છે.
ઉપશમભાવ ન હણાય, એવો પરોપકાર વિહિત છે.
બીજાનો ઉપકાર માનવાથી ઉપશમભાવ ટકી રહે છે.
'શત્રુ પણ ઉપકારી છે' એ વિચાર પુષ્ટ બનાવવો.

મોક્ષમાર્ગમાં પ્રવેશવાનાં ૩ દ્વાર

(૧) બીજાનું દુઃખ જોઈને દયાર્દ્ર થવું.

(૨) દેવ - ગુરુ - અતિથિનો સત્કાર કરવો.

(૩) દીન - અનાથાદિનો ઉદ્ધાર કરવો.

પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા અને બધા જીવો પ્રત્યે આદરભાવ.

જગતના જીવો અને પ્રકૃતિમંડળ સાથે
ભાવનાત્મક સંબંધ પણ રાખવો જોઈએ.

'જન' ક્યારે 'જૈન' બને ?

જન ઉપર એક માત્રા સ્વાર્થ ઉપાર્જનની અને
બીજી માત્રા પરાર્થસર્જન - પરાર્થકરણની,
આમ બે માત્રા આવે, ત્યારે તે જન બને છે જૈન.

અજ્ઞાની ઉપકાર કરનારને ય ઉપકારી માનતો નથી,
જ્યારે જ્ઞાની જાતે ઉપકાર ન કરનાર છતાં
ઉપકારમાં નિમિત્ત બનનારને પણ ઉપકારી માને છે.
કૃતજ્ઞતા ગુણનું રક્ષણ કરવા માટે તે જરૂરી છે.

ભગવાનની ભક્તિ એ કૃતજ્ઞતા ગુણનું સંગીત છે.

સ્વહિત સર્વ સુધી...

પરદુઃખ દૂર કરવાની બુદ્ધિ ધર્મની શરૂઆત તથા સર્વના દુઃખ દૂર કરવાની શક્તિ ધર્મની પૂર્ણાહુતિ થાય છે. પરના દુઃખો દૂર કરવાની બુદ્ધિ શરૂ થયેલો ધર્મ એ સર્વના દુઃખને દૂર કરવાની શક્તિમાં વિરામ પામે છે.

કૃતજ્ઞતા ગુણ એ પ્રથમ ગુણસ્થાનકની ટોચ છે તથા પરોપકાર ગુણ એ છઠ્ઠા ગુણસ્થાનકની ટોચ છે.

જિનભક્તિમાં પરાર્થવૃત્તિની ભક્તિ મુખ્ય છે. પરાર્થવૃત્તિની ભક્તિ વિના સ્વાર્થવૃત્તિનો વિનાશ કેવી રીતે થાય?

કૃતજ્ઞતાભાવના પર્યાય નિર્દોષભાવ - નિરાશંસભાવ છે.

સમર્પણભાવ એ ધર્મનું પ્રથમ લક્ષણ છે તથા નમસ્કાર એ કૃતજ્ઞતા અને નિર્દોષતાનું પ્રતીક છે. લોકમાં ય કૃતજ્ઞ અને નિર્દોષ જ સન્માનપાત્ર બને.

પરહિતચિંતા એ સમ્યક્ત્વની પ્રથમ ભાવના છે. પરચિન્તા અધમાધમા | એ ચતુર્થ ભાવના છે. એક સર્વજીવવિષયક છે, બીજી અપ્રજ્ઞાપનીય - અવિનીતવિષયક છે.

## મહાપાપ કયું ? એનો પ્રતિકાર કઈ રીતે ?

નમસ્કાર કરવાની સામગ્રી મળી છે,
તેનો આભાર - કૃતજ્ઞતા ન માનવી, એ મહાપાપ છે.
પંચ પરમેષ્ઠિ ઉપરના નમસ્કારભાવથી
પરાર્થભાવ અને વૈરાગ્યભાવ બંને સ્થિર થાય છે.
કૃતજ્ઞતા એ બહિરાત્મભાવથી છોડાવનાર છે,
પરોપકાર એ અંતરાત્મભાવને લાવનાર છે.
પ્રભુ પ્રત્યે પ્રેમ જગાડવાનું સાધન કૃતજ્ઞતા ગુણ છે
અને વિશ્વ પ્રત્યે પ્રેમ જગાડવાનું સાધન એ
પરોપકાર ગુણ છે - પરોપકાર સ્વભાવ છે.

'પરોપકાર કરવા યોગ્ય છે.' - ઉપદેશરહસ્ય. ગા. ૧૯૨

પરિણામથી શુદ્ધ એટલે કે બાળ વ્યક્તિનો જે ઉપકાર
કરે છે, તે ઉપકાર સ્વઉપકારના અનુબંધવાળો હોવાથી
ભવિષ્યના સ્વહિત માટે જ થાય છે.
પરોપકારવૃત્તિની સ્વોપકાર પ્રવૃત્તિ જ ઉદાર આશયને
બતાવે છે, માટે જ પહેલાં પરોપકારમાં પ્રવર્તવું યોગ્ય છે.

પ્રભુ સવિતા છે અને દ્રષ્ટા છે.

ભક્તની ભક્તિને તે કદાપિ ભૂલતો નથી.

કૃતજ્ઞતા જો ગુણ છે, તો પ્રભુમાં તેનો પણ હોય છે.

પ્રભુમાં બધા ગુણોનો પ્રકર્ષ છે, તેમાં વિનય તથા
કૃતજ્ઞતા ગુણ પણ આવી જાય છે.

પ્રભુમાં વિનયગુણનો ઉત્કર્ષ, કૃતજ્ઞતાગુણનો પ્રકર્ષ છે.

આ દુનિયા એ માત્ર જડ પદાર્થોનું સંગ્રહસ્થાન નથી,
પરન્તુ અહીં સંત પુરુષોની કરુણાનો અસ્ખલિત પ્રવાહ
પણ વહી રહ્યો છે, તેમાં જેઓ ભાવથી ઓતપ્રોત
થાય, ત્યારે તે ભાવ અલ્પકાળમાં જ સાકાર બને છે.

આત્મૌપમ્ય, પરમાત્મૌપમ્ય અને સર્વાત્મૌપમ્ય -
જ્યારે સમ્મીલિત થાય છે, ત્યારે
તેમાંથી એક મહાસમાધિ ઉત્પન્ન થાય છે.

પરહિત કાજે મન-વચન-કાયાનો જે સદુપયોગ થાય,
તે સંતોની મહાકરુણાના પ્રત્યુપકારનો એક લેશ છે,
કૃતજ્ઞતા ગુણના પાલનનું એક પ્રતીક છે.

લંડનમાં એક માનસ ચિકિત્સા કેન્દ્રમાં
ડૉ. જેરીન વુલ્ફે બતાવ્યું હતું કે : 'માણસ પોતાના
અહંનું કેન્દ્ર છોડીને જગતના ભલા માટે - પરાર્થે કાંઈક
કરતો હોય છે, ત્યારે એને ખરેખરું સુખ મળે છે.'

પરોપકારમાં આજ્ઞાપાલન છે, જે ધર્મ છે.

સ્વપરનું સુખ આજ્ઞાપાલનનું પ્રયોજન છે.

સુખનું સાધન પુણ્ય તથા પુણ્યનું સાધન પરોપકાર છે.

પરોપકાર પવિત્ર કૃતિથી થાય છે.

પવિત્ર કૃતિ દાન - દયા - શીલ અને તપ છે.

ધર્મનો વિચાર કૃતજ્ઞતાની બુદ્ધિમાંથી ઉત્પન્ન થાય છે
અને પરોપકારની કૃતિમાં કૃતાર્થ થાય છે.

કૃતજ્ઞતાથી ધર્મપુરુષાર્થ - સ્વતંત્રતાથી મોક્ષપુરુષાર્થ સધાય.

સર્વહિતચિંતાથી નિરપેક્ષ સ્વહિતચિંતા
આત્મતત્ત્વમાં ભેદ પાડનારી હોવાથી કથંચિત્ વૈભાવિક છે.
વળી બીજા આત્માને અનાત્મસ્વરૂપે જોનારી હોવાથી
તે કોઈ અપેક્ષાએ મિથ્યાત્વને પણ પોષનારી છે.

# પરોપકાર અને સ્વોપકાર

પઞ્ચસૂત્રથી આત્મહિતાર્થતા પ્રધાન હોવાનું સ્પષ્ટ છે કે:
સ્વોપકાર એજ અનિવાર્ય કર્તવ્ય છે.
પરોપકાર તો શક્તિ અનુસાર કરવાનો એ ઉચિત છે,
ઉલટું એકલા પોતાના આત્મહિતનો વિચાર
એ આર્તધ્યાનનું કેન્દ્ર છે.
'સ્વને ભૂલીને સર્વનો વિચાર કરવો' એમ કહેવું,
એ જૈન માર્ગથી વિરુદ્ધ છે.
'જૈન માર્ગમાં સ્વાત્મહિતનો વિચાર પ્રધાન છે,
એ ભૂલીને સર્વહિતનો વિચાર કરી શકાય જ નહીં'
એ જેટલું સત્ય છે, તેટલું જ સત્ય છે કે:
'સર્વહિતવિચાર વિના સ્વઆત્મહિત થઈ શકે નહીં.'
એમ પણ ન કહેવાય કે: 'સર્વના હિતનું ચિન્તન જેમાં
નથી, એવી કોઈ પણ ક્રિયા જૈનમતમાં વિહિત છે.'
પંચવસ્તુના 'मोत्तुण अन्नकरणं' પાઠમાં જીવોને પોતાના
તરફથી અભયદાન એ શ્રેષ્ઠ પરહિત હોવાનું કહ્યું છે.

ધર્મનું ઉગમ મૈત્રી આદિ ભાવોમાં છે.

'સર્વ સુખી થાઓ, કોઈ દુઃખી ન થાઓ'
ઇત્યાદિ ભાવનાને મૈત્રીભાવના કહી છે.
તે ભાવના વિના અશુભ કર્મબંધ અટકતો નથી.
માટે અહીં મૈત્રીભાવનાનું વિધાન કર્યું છે.

મૈત્ર્યાદિ ભાવના અમાનિત્વ, અદંભિત્વ આદિ
જ્ઞાનનાં વીશ સાધનોની ઉપલક્ષક છે.

'યોગદર્શન' મુજબ મૈત્ર્યાદિ ભાવો વિના
ચિત્તની નિર્મળતા અથવા પ્રસન્નતા સંભવતી નથી.

ચિત્તવૃત્તિઓનો વિસ્તાર કે ઉર્ધ્વીકરણ
મૈત્ર્યાદિ સિવાય કોઈપણ ધર્મથી થઈ શકે નહિ.

મનમાં સદા કૃતજ્ઞતાનો ભાવ રાખો.
જે મળ્યું છે, તેના માટે રોજે ઈશ્વરનો આભાર માનો.

પરોપકારમૂલક - પ્રેમમૂલક - ત્યાગમૂલક પ્રવૃત્તિ કુશળ છે.
પરોપકાર કરવા દ્વારા સ્વયં આધ્યાત્મિક થવું,
તે દેશની અને વિશ્વની મોટામાં મોટી સેવા છે.

## મૈત્ર્યાદિયુક્ત ચિત્ત એટલે 'અધ્યાત્મ'

સર્વ જીવો પ્રત્યે સ્નેહપરિણામ સ્વરૂપ
અથવા પરહિતચિંતારૂપ મૈત્રીભાવ પ્રગટાવવાનો છે.
જીવો પ્રત્યે જે દ્વેષ કે ઉદાસીનતાની લાગણી છે,
તે જ જીવને ભવભ્રમણ કરાવનારી છે,
જે જીવો પ્રત્યે મૈત્રીભાવ કેળવવાથી દૂર થાય છે.
જે મિત્રોને એકબીજા પરસ્પર સહૃદયતા ભાવ હોય છે,
તેવો ભાવ જગતના બધા જીવો પ્રત્યે કેળવવો.
જીવત્વના નાતે સર્વ જીવો એક છે, માટે કોઈ પણ
જીવ પ્રત્યે દ્વેષ કે ઉદાસીનતાની લાગણી રાખવી,
એ હકીકતમાં પોતાના જીવ પ્રત્યે જ દ્વેષ યા
ઉદાસીનતાનો ભાવ રાખવા બરાબર જ છે.
જડના રાગના કારણે જીવ પ્રત્યે દ્વેષ જન્મે છે
અને પંડ પ્રત્યેના અધિક વ્યામોહના કારણે પર પ્રત્યે
ઉદાસીનતાનો ભાવ જન્મે છે. આ બંને મહાદોષોને
દૂર કરવા માટે મૈત્રીભાવ એ રામબાણ ઔષધ છે.

અહિંસા તથા સત્યમાં માધ્યસ્થ્ય છે અને રાગદ્વેષનો
અભાવ છે. સર્વ વ્રત - નિયમોમાં, યોગ - અધ્યાત્મમાં,
સર્વ - આગમો અને અનુષ્ઠાનોમાં માધ્યસ્થ્ય વ્યાપ્ત છે.

માધ્યસ્થ્ય વડે મન, વચન, કાયાના વ્યાપારો
ન્યાયમાર્ગને અનુસરે છે. અનેકાંત એ માધ્યસ્થ્યરૂપ છે,
તેથી જિનપ્રવચન માધ્યસ્થ્યને વિકસાવનારું છે.
મધ્યસ્થને ઇંદ્રિયજય, ક્ષાન્ત્યાદિ ધર્મો, અહિંસાદિ વ્રતો,
આસ્તિક્યાદિ ગુણો અને મૈત્ર્યાદિ ભાવો સુલભ બને છે.
ત્યાગ વડે વૈરાગ્યની પુષ્ટિ થાય છે અને વૈરાગ્ય વડે
મૈત્ર્યાદિ ભાવોની પુષ્ટિ થાય છે. મૈત્ર્યાદિ ભાવો વડે
પરભાવરમણતા ટળે છે અને સ્વભાવરમણતા પ્રકટે છે,
જે અંતે અભેદ ઉપાસનામાં પરિણામ પામે છે.

જીવની મૈત્રીથી હિંસાદિ પાપ જાય છે અને
જિનની ભક્તિથી ચૈતન્યનો પ્રેમ વધે છે.
જિનભક્તિનું ફળ પંચમંગળ છે અને
જીવમૈત્રીનું ફળ સાવદ્ય યોગનાં પચ્ચક્ખાણ છે.

Dharma = પરોપકાર. Adharma = પરપીડા.

Hurting another is અધર્મ and blessing him is ધર્મ.

If you understand this, then be sure you are performing Dharma.

To give is to receive.

He only is advancing in life, whose heart is getting softer, blood warmer & whose spirit is entering into Living in Peace.

Can the karmic law be broken or ended? yes. The way to break the karmic law is through repentance and by living constantly in an atmosphere of પરોપકાર and ક્ષમા.

The great masters of all time say:
humility is the beginning of wisdom.
Humility is the realization of God's
allness and goodness.

The Divine Grace transforms life
into love and love into bliss.

He who is endowed with these three
virtues can conquer the 3 worlds
and can win the hearts of all.

For rapid spiritual progress:

Develop the power of self control.
Cultivate serenity of mind and will.
Use energy for doing પરોપકાર & સેવા.
Egoism brings the downfall, while
Humility adds to tapascharya.

## 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથોના પ્રતિભાવમાં ક્રમશઃ આવેલ થોડાં પત્રોની અંશોક્તિઃ

**પ.પૂ. આચાર્યશ્રી રત્નસંચયસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' સંપૂટ અમને મળી ગયો છે. એમાં ૬૮મો ભાગ જે શાસ્ત્રાધારવાળો છે, તે શાસનને અતિ ઉપયોગી બનશે. મૈત્રીભાવથી ભરેલ ગુરૂદેવનું સાહિત્ય જ્યારે અમારા હાથમાં આવે છે, ત્યારે મૈત્રીભાવ પ્રગટ્યાં વિના રહેતો નથી. આ ખુમારી ગુરૂદેવના હસ્તાક્ષરોની જ છે! આ ગ્રંથો અમે વાંચી લઈએ પછી જીરાવલા તથા માલવાડા ભંડારમાં જમા થશે.

- રત્નસંચયસૂરિ

**પ.પૂ. આચાર્યશ્રી તીર્થભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** હસ્તાક્ષર સમા સાત્વિક-અધ્યાત્મિક-પૌષ્ટિક સાહિત્યની આજના કાળમાં અત્યંત આવશ્યક્તા છે. સિદ્ધયોગી-આત્મસાધક અને પ્રભુભક્ત એવા પૂજ્ય પંન્યાસજી મહારાજને તેમની હયાતિમાં જે લોકો માણી શક્યાં નથી, તેઓને આ ગ્રંથો ખૂબ ઉપકારક બનશે અને સાધનામાં આગળ વધારનાર બનશે.

- આચાર્ય તીર્થભદ્રસૂરિ

**પ.પૂ. પંન્યાસશ્રી હ્રીંકારસુંદરવિજયજી મહારાજ સાહેબઃ** તેઓશ્રીની આંતરિક ચેતના કેટલી નિર્મળ - શુદ્ધ હશે, ત્યારે જ આવું ચિંતન થઈ શકે! જાપ માટે ય ખૂબ લખ્યું છે. જાપ ક્યારે, કેવી રીતે, ક્યા મંત્રનો કરવો, તે વિધિસહિત બતાવ્યું છે. આ બધું વાંચ્યા પછી - સાધુ થયાં પછી પણ સાધુતા કેવી રીતે દીપે આનંદ-પ્રસન્નતા કેવી રીતે વધે, આ બધા ઉપાયોનું અદ્દભૂત ચિંતન પૂજ્ય પંન્યાસજી મહારાજે કર્યું છે. અંક મળે એટલે બધું વાંચન બાજુ ઉપર મૂકીને હસ્તાક્ષર હાથમાં લઈએ. વૈચારિક ઉદારતા જ મૈત્રીભાવને પ્રગટ કરે છે. અન્ય ધર્મો-સંતોનું જે પણ સારૂં છે, તેને ય પૂજ્યશ્રી ગ્રાહ્ય માને છે. આ જિનશાસનનું તત્ત્વ છે, જે એમણે પચાવ્યું છે. - પં. હ્રીંકારસુંદર વિજય

**પ.પૂ. રાજદર્શનવિજયજી મહારાજ સાહેબઃ** પંન્યાસજી મહારાજના વિધવિધ ગ્રંથો મોકલીને અમને ઉપકૃત કરો છો, ધન્યવાદ. નવકારની નજીક લઈ આવ્યા. અધ્યાત્મનો

અજોડ અધ્યાય એટલે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર.' આ કલ્પના છે કે વાસ્તવિક્તા-એ જ હજુ સમજાતું નથી! પૂજ્ય પંન્યયાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ એટલે જિનશાસનના ઈતિહાસનું એક અમર-અનોખું-અવિસ્મરણીય જંગમ તીર્થ! તેમણે લખેલી ૨૨૪ રોજનીશીઓ આપણા નસીબે જગત સમક્ષ હવે ખૂલ્લી થઈ છે! છેલ્લાં કેટલાંયે સમયગાળામાં આવું સર્જન થયું નથી અને ભવિષ્યમાં યે થશે કે કેમ? એ પ્રશ્નાર્થ છે! ઈતિહાસની અનેક પલટાતી કરવટોમાં આ અક્ષયપાત્ર અડીખમ રહેશે.

- રાજદર્શન વિજય

**પ.પૂ. મુનિવર્યશ્રી પુન્યનિધાનવિજયજી મહારાજ સાહેબઃ** મહાપુરૂષો પોતાના મૌલિક ચિંતનને કાગળમાં ઉતારતા હોય છે, જે હસ્તાક્ષર બને છે. છેલ્લાં ૩૦૦ વર્ષમાં જે મહાપુરૂષો થયાં, એમના મૌલિક ચિંતનો શ્રી સંઘને મળ્યાં, તે સાધનામાર્ગ બન્યો, પરંતુ પૂ. પંન્યાસજી ભગવંતના મૌલિક ચિંતનોના હસ્તાક્ષરો તો સૌ માટે, સદા માટે અક્ષયપાત્ર બન્યાં. આ પ્રથમ ઘટના હશે કે કોઈ મહાપુરૂષના હસ્તાક્ષરને યથાસ્થિત રાખીને પુસ્તક રૂપે પ્રકાશન કરાયું હોય!

- પુન્યનિધાન

**પ.પૂ. મુનિવર્યશ્રી નિપુણરત્નવિજયજી મહારાજ સાહેબઃ** પૂજ્ય પંન્યાસજી મહારાજ સાહેબની નિર્મળ પરિણતિઓથી ભરેલા આ ગ્રંથો આત્મસાધકો માટે ઉપયોગી થશે. આ થકી કેટલાંય સાધકાત્માઓને આત્મજાગૃતિનું અનુપમ આલંબન સાંપડયું છે. અક્ષયપાત્રમાં ઘણાં પદાર્થો તો ખૂબ જ ગંભીર છે, એકવારમાં સમજી જ ન શકાય! પૂજ્યશ્રી ભગવંતની શ્રુતસાધના અદ્‌ભૂત હતી, એ આ અક્ષયપાત્રો જણાવે છે.

- મુનિ નિપુણરત્ન વિ.

**પ.પૂ. મુનિવર્યશ્રી સંયમચંદ્રવિજયજી મહારાજ સાહેબઃ** યોગમાર્ગના પ્રારંભ સાથે જીવ અનેક પ્રકારના શુભ નિમિત્તો પામે છે. હું આવા જે કાંઈ શુભ નિમિત્તો પામ્યો, એમાનું એક પ્રબળ નિમિત્ત 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'. ૧૦મો ભાગ અંગ્રેજી પણ મોક્લાવશો. મહારાજજી વિશે જે કઈ કરો, એ બધુ જ મોક્લાવજો. આ શાસનસેવા નિર્વિઘ્ન બનો.

- મુનિ સંયમચંદ્ર વિજય



ચરમ તીર્થંકર પ્રભુ મહાવીરનું સમોવસરણ

## પંચમહાભૂત અને પરોપકાર ભાવના

પરોપકાર ગુણ એ જીવનની પરમ પવિત્ર ઉદાત્તતા છે. મનુષ્યત્વ - ગુણજ્ઞત્વ - કૃતજ્ઞત્વ હોય, તે જ મનુષ્ય છે. પરોપકારમાં જ બધાં તીર્થધામો વસ્યા છે.




જે બીજાને આપતાં નથી, તે નાશ પામે છે.
પરોપકારમાં શ્રેષ્ઠ અરિહંત પરમાત્મા છે, તેથી તેઓ સર્વના પૂજ્ય છે.
પરોપકાર એ સજ્જનોનો વૈભવ - વ્યસન છે. પરોપકારની પરંપરાને પ્રણામ.

www.fiestadesigns.in